RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 39, Dt.26-04-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# EVM-VVPATની સરખામણીની માંગ ફગાવતી સુપ્રીમ



## દેશમાં લોકસભા ચૂંટણી સમયે ફરી એકવાર ઈવીએમ સહિતના મતદાન યુનિટ સામે ઉઠાવાયેલાં પ્રશ્નોને નકારતી સર્વોચ્ચ અદાલતઃ ચૂંટણીપંચ દ્વારા કરાયેલી સ્પષ્ટતાને માન્ય રખાઈ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં લોકસભા સહિતની ચૂંટણીઓમાં મતદાન માટે ઉપયોગમાં લેવાતા ઇવીએમ તથા તેની સાથે જોડાયેલા વીવીપીએટીના તમામ મતોનું ક્રોસ વેરીફીકેશન મુદ્દે સુપ્રિમ કોર્ટ સમક્ષ થયેલી તમામ અરજીઓ આજે ફગાવી દેવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતે આ ઉપરાંત દેશમાં બેલેટ પેપર મારફત મતદાનની માંગણી પણ ફગાવી દીધી હતી.

સુપ્રિમ કોર્ટ સમક્ષ રજુ થયેલી અરજીમાં ઇવીએમના મતો અને વીવીપીએટીની જે સ્લીપ બહાર આવે છે તે બંનેનું ૧૦૦ ટકા વેરીફીકેશન એટલે કે બંનેમાં પડેલા મતોની ૧૦૦ ટકા ક્રોસ વેરીફીકેશન અરજી કરવામાં આવી હતી. જોકે ગઇકાલે જ સર્વોચ્ચ અદાલતે આ અંગે હાલની ચૂંટણી પ્રક્રિયામાં તે કોઇ જાતની દખલ કરવા માંગતું નહીં હોવાનો સંકેત આપી દીધો હતો.

ચૂંટણી પંચને વીવીપીએટી અને ઇવીએમ વિશ્વનીયતા કેટલા પ્રશ્નો પૂછયા અને બાદમાં સંતોષ વ્યકત કર્યો હતો અને આજે સર્વોચ્ચ અદાલતે આજે આ ક્રોસ વેરીફીકેશન અંગેની તમામ અરજીઓ નકારી છે આ ઉપરાંત દેશમાં બેલેટ પેપરથી લોકસભા ચૂંટણી યોજવા અંગે પણ કરાયેલી માંગણીને ફગાવી દીધી છે. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાની ખંડપીઠે આ ચુકાદો આપતા હવે ઇવીએમ અંગે સર્જાયેલા તમામ વિવાદનો અંત આવી ગયો છે.

ગઇકાલે જ ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યુ હતું કે ઇવીએમ અને વીવીપીએટીને કોઇપણ રીતે બહારથી કંટ્રોલ કરી શકાય તે શકય નથી અને જે રીતે બંનેના માઇક્રો કંટ્રોલર અલગ અલગ રીતે યુનિટની અંદર જ ફીટ થયા છે તેથી તેમાં ચેડા પણ શકય નથી અને અત્યાર સુધીમાં કોઇપણ ગરબડ ૫ ટકા રેન્ડમ ક્રોસ વેરીફીકેશનમાં પણ બહાર આવી નથી.

# ક્રેડિટ કાર્ડસનો ધરખમ ઉપયોગઃ ખર્ચમાં ૨૭ ટકાનો વધારો થયો

## પોઈન્ટ ઓફ સેલ તથા ઓનલાઈન ખરીદી વધતા કાર્ડસના વપરાશમાં પણ વૃદ્ધિ

**મુખ્ય સમાચાર, મુંબઈ**



નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં વાર્ષિક ધોરણે ૨૭ ટકા વધારો થઈને તે રૂપિયા ૧૮.૨૬ ટ્રિલિયન રહ્યો છે. નાણાં વર્ષ ૨૦૨૨-૨૩માં આ આંક રૂપિયા ૧૪ ટ્રિલિયન રહ્યો હતો એમ રિઝર્વ બેન્કના આંકડા જણાવે છે.

માર્ચ, ૨૦૨૪માં ક્રેડિટ કાર્ડસ મારફતનો ખર્ચ ૧૦ ટકાથી વધુ વધી રૂપિયા ૧.૬૪ ટ્રિલિયન રહ્યો હતો જે ફેબ્રુઆરીમાં રૂપિયા ૧.૪૯ ટ્રિલિયન જોવા મળ્યો હતો. તહેવારોની મોસમને પરિણામે તથા નાણાં વર્ષના અંતિમ મહિનાને કારણે માર્ચના ખર્ચમાં વધારો જોવા મળ્યો હતો.

રૂપિયા ૧.૬૪ ટ્રિલિયનના ખર્ચમાંથી રૂપિયા ૬૦,૩૭૮ કરોડનો ખર્ચ પોઈન્ટ ઓફ સેલ ખાતે થયો હતો જે ફેબ્રુઆરીમાં રૂપિયા ૫૪૪૩૧.૪૮ કરોડ રહ્યો છે. ઈ-કોમર્સ પેમેન્ટસ રૂપિયા ૯૫૦૦૦ કરોડથી સાધારણ વધી રૂપિયા ૧.૦૫ ટ્રિલિયન રહ્યો હતો. માર્ચ ૨૦૨૩માં ક્રેડિટ કાર્ડસ મારફત ઓનલાઈન ખર્ચનો આંક રૂપિયા ૮૬૩૯૦ કરોડ રહ્યો હતો.

ફેબ્રુઆરીમાં રૂપિયા ૧૦.૦૬ કરોડની સરખામણીએ માર્ચના અંતે ક્રેડિટ કાર્ડસની સંખ્યા વધી ૧૦.૧૦ કરોડ રહી હતી.

છેલ્લા પાંચ વર્ષમાં ક્રેડિટ કાર્ડની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. નાણાં વર્ષ ૨૦૨૦માં ૫.૭૭ કાર્ડસની સરખામણીએ નાણાં વર્ષ ૨૦૨૪ના અંતે કાર્ડસની સંખ્યા ૧૦ કરોડને પાર કરી ગઈ છે. આજરીતે કાર્ડસ પાછળનો ખર્ચ પણ પાંચ વર્ષમાં રૂપિયા ૭.૩૦ ટ્રિલિયન પરથી વધી રૂપિયા ૧૮.૩૦ ટ્રિલિયન પહોંચ્યો છે.

નોટબંધી બાદ દેશમાં ડિજિટલ પેમેન્ટસ પદ્ધતિમાં વધારો થતાં કાર્ડસના ઉપયોગ પણ વધી ગયા છે. કાર્ડસ ઉપરાંત રોજબરોજના નાણાંકીય વ્યવહાર માટે ડિજિટલ પેમેન્ટસનો ઉપયોગ થઈ રહ્યાનું જોવા મળે છે. નાણાં વર્ષ ૨૦૨૨-૨૩ની સરખામણીએ નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં દેશમાં યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ) વ્યવહારના વોલ્યુમમાં ૫૭ ટકા જ્યારે મૂલ્યની દ્રષ્ટિએ ૪૪ ટકા વધારો થયો હોવાનું પ્રાપ્ત આંકડામાં અગાઉ જણાવાયું હતું.

# ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો માટે બપોર સુધીમાં ૪૫ ટકાથી વધુ મતદાન

## ચૂંટણીના બીજા તબકકામાં રાહુલ ગાંધી, હેમામાલીની, શશી થરૂર, ઓમ બિરલા અને અરૂણ ગોવિલ સહિત ૧૧૯૮ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં ૧૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૮૮ બેઠકો પર મતદાન થઈ રહ્યું છે. આ તબક્કામાં પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીની સાથે મોદી સરકારના ૫ કેન્દ્રીય મંત્રીઓ અને બે પૂર્વ મુખ્યમંત્રીઓની વિશ્વસનીયતા દાવ પર છે. આ તબક્કો એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે છેલ્લી ચૂંટણીઓમાં, ભાજપ આ ૮૮માંથી લગભગ ૬૦ ટકા બેઠકો જીતવામાં સફળ રહી હતી, જયારે કોંગ્રેસ ૨૦ ટકા બેઠકો સુધી મર્યાદિત હતી. જો કે, બીજા તબક્કામાં ઘણી એવી બેઠકો છે જે પોતાનો રાજકીય રંગ બદલી રહી છે. આ કારણે એવું માનવામાં આવે છે કે આ તબક્કો દેશની સત્તાના ભાગ્યનો નિર્ણય કરશે. અગ્રણી ઉમેદવારોમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી (વાયનાડ, કેરળ), ભાજપના તેજસ્વી સૂર્યા (બેંગ્લોર દક્ષિણ, કર્ણાટક), હેમા માલિની અને અરુણ ગોવિલ (બંને ઉત્તર પ્રદેશ), ઓમ બિરલા (કોટા, રાજસ્થાન), કર્ણાટકના નાયબ મુખ્ય પ્રધાન ડી. શિવકુમારના ભાઈ ડીકે સુરેશ (બેંગ્લોર ગ્રામીણ, કર્ણાટક), કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એચડી કુમારસ્વામી (મંડ્યા, કર્ણાટક). ઉપરોકત ઉમેદવારો સિવાય તિરુવનંતપુરમમાં કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખર અને કોંગ્રેસના નેતા શશિ થરૂર વચ્ચે જોરદાર ટક્કર જોવા મળે તેવી શકયતા છે. દ્રવિડ - કુંબલેએ બેંગલુરૂમાં, અશોક ગહેલોતે જોધપુરમાં મતદાન કર્યું.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ X પર એક પોસ્ટમાં કહ્યું, 'મારા વ્હાલા દેશવાસીઓ! આજે આ ઐતિહાસિક ચૂંટણીનો બીજો તબક્કો છે જે દેશના ભાગ્યનો નિર્ણય કરવા જઈ રહ્યો છે. તમારો મત નક્કી કરશે કે આગામી સરકાર 'થોડા અબજોપતિઓ' ની હશે કે '૧૪૦ કરોડ ભારતીયોની' . આથી દરેક નાગરિકની ફરજ છે કે આજે ઘરની બહાર આવીને 'બંધારણના સૈનિક' બનીને લોકશાહીની રક્ષા માટે મતદાન કરે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોસ્ટ કરતા લોકોને અપીલ કરી હતી જેટલું વધુ મતદાન થશે તેટલું જ આપણુ લોકતંત્ર મજબૂત થશે. મારી આપણા યુવા મતદારો તેમજ દેશની નારી શકિતને ખાસ અપીલ છે કે તેઓ ઉત્સાહપૂર્વક મતદાન કરવા આગળ આવે. 'તમારો મત તમારો અવાજ છે!'

કુલ ૧૬ કરોડ મતદારો માટે ૧ લાખ ૬૭ હજાર મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. પહેલા તબક્કામાં ૧૦૨ સીટો પર ૧૯ એપ્રિલે મતદાન થયું હતું. સાતમા અને અંતિમ તબક્કામાં ૧ જૂને મતદાન થવાનું છે.

# ગ્લોબલ વોર્મિંગના કારણે સમગ્ર વિશ્વમાં ગરમીથી લોકો ત્રાહિઆમ, કેટલીક જગ્યાએ મેઘ તાંડવ તો કયાંક તીવ્ર ઠંડી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગની ઝપેટમાં છે. જેના કારણે સતત હવામાન પરિવર્તન અને વધતી ગરમીનો પ્રકોપ ચાલુ છે. પૃથ્વીના તાપમાનમા થઈ રહેલા સતત વધારાને '''ગ્લોબલ વોર્મિંગ''' કહેવામાં આવે છે.

ગ્લોબલ વોર્મિંગને કારણે ઘણા દેશોમાં ગરમી ચાલી રહી છે, ત્યારે કેટલાક દેશો એવા છે જ્યાં તીવ્ર ઠંડી પડી રહી છે. વૈજ્ઞાનિકોને ગરમ આર્કટિક-કોલ્ડ ખંડ અથવા ઠઅઈઈ ઘટનાની ભૂમિકા મહત્વની હોવાનું જણાયું છે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો, અતિશય ઠંડી માટે ગ્લોબલ વોર્મિંગ પણ જવાબદાર છે. તાજેતરમાં જ ગ્વાંગજુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના સંશોધકોએ એક સંશોધન કર્યુ છે. જેમાં આર્કટિકમાં ઘટી રહેલા બરફ પર પણ રિસર્ચ કરવામાં આવ્યું છે.

આ સંશોધનમાં જાણવા મળ્યું છે કે, જેટ સ્ટ્રીમ ઠંડી આર્કટિક હવાને ગરમ હવાથી દક્ષિણ તરફની અલગ કરનારી સીમા તરીકે કામ કરે છે. ગરમ થઈ રહેલા આર્કટીકના કારણે તેના અને મધ્ય અક્ષાંશોની વચ્ચેના તાપમાનના તફાવતને કારણે ઘટી રહ્યું છે. આના કારણે જેટ સ્ટ્રીમ નબળી પડી જાય છે. આ વિસ્તારોમાં ભારે ઠંડીનો અનુભવ થાય છે, જે દર્શાવે છે કે કેવી રીતે ગરમ આર્કટિક તે પ્રદેશના હવામાન પેટર્ન પર લાંબા ગાળાની અસર કરે છે.

# અંગત મિલકત પર સરકારી કબજા મુદ્દે ગાંધી વિચાર વધુ યોગ્ય : સુપ્રીમ

## અંગત સંપત્તિની વહેંચણી મુદ્દે રાજકીય ઘમાસાણ વચ્ચે સુપ્રીમનું અવલોકનઃ સમાજના ભૌતિક સંસાધનના સંદર્ભમાં ગાંધીવાદી વિચાર માર્ક્સવાદ અને મૂડીવાદની વચ્ચેનો માર્ગ દર્શાવે છે : સીજેઆઈ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



લોકસભા ચૂંટણીના સમયમાં વારસાગત સંપત્તિ મુદ્દે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આક્ષેપ-પ્રતિ આક્ષેપો થઈ રહ્યા છે ત્યારે સુપ્રીમ કોર્ટે લોક કલ્યાણના નામે અંગત મિલકત પર સરકારી નિયંત્રણની માર્ક્સવાદી વિચારસરણીને ખતરનાક ગણાવી છે. આ મુદ્દે સુપ્રીમ કોર્ટે ગાંધી વિચારને વધુ યોગ્ય ગણાવ્યો છે. બંધારણની કલમ ૩૯(બી) હેઠળ લોકકલ્યાણ માટે સમાજના ભૌતિક સંશાધનો હેઠળ અંગત માલિકીની સંપત્તિનો સમાવેશ થઈ શકે કે નહીં તે મુદ્દે સુપ્રીમ કોર્ટમાં મુખ્ય ન્યાયાધીશ ધનંજય ચંદ્રચૂડના અધ્યક્ષપદે નવ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચ સુનાવણી કરી રહી છે. ન્યાયાધીશ કૃષ્ણા ઐય્યરે અંગત સંપત્તિને સમુદાયના ભૌતિક સંશાધનનો ભાગ માન્યો હતો. જોકે, મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડે આ મુદ્દે ગાંધીવાદી વિચારથી આ ચૂકાદાનું વિશ્લેષણ કર્યું છે.

મુખ્ય ન્યાયાધીશ ધનંજય ચંદ્રચૂડના અધ્યક્ષપદે નવ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે ૨૫ વર્ષ જૂના કેસમાં સુનાવણી શરૂ કરી છે. આ કેસમાં ગુરુવારે બીજા દિવસે પણ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે બંધારણનો આશય સામાજિક પરિવર્તનની ભાવના લાવવાનો છે. તેથી એ કહેવું ખતરનાક હશે કે કોઈ વ્યક્તિની અંગત સંપત્તિને સમાજના ભૌતિક સંશાધન તરીકે માનવામાં ના આવે. જોકે, કોર્ટે એમ પણ કહ્યુંકે, એ કહેવું પણ ખતરનાક હશે કે સમાજના કલ્યાણ માટે સરકાર અંગત સંપત્તિ પર કબજો લઈ શકે નહીં.

સુપ્રીમ કોર્ટની આ ટીપ્પણી એવા સમયે આવી છે જ્યારે દેશમાં લોકસભા ચૂંટણી વચ્ચે 'સંપત્તિના વિતરણ' અંગે રાજકીય હોબાળો મચ્યો છે. આ કેસની સુનાવણી કરી રહેલી નવ સભ્યોની બંધારણીય બેન્ચમાં ન્યાયાધીશો ઋષિકેશ રોય, બીવી નાગરત્ના, સુધાંશુ ધૂલિયા, જેબી પારડીવાલા, મનોજ મિશ્રા, રાજેશ બિંદલ, સતીશ ચંદ્ર શર્મા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહનો સમાવેશ થાય છે.

વર્ષ ૨૦૦૨માં આ કેસ ૯ જજોની બેન્ચ પાસે આવ્યો હતો. આ પહેલા મુંબઈના પ્રોપર્ટી ઓનર્સ એસોસિએશન સહિત વિવિધ પક્ષોના વકીલોએ દલીલ કરી છે કે બંધારણની કલમ ૩૯(બી) અને ૩૧-સીની બંધારણીય યોજનાઓના ઓઠા હેઠળ સરકારી અધિકારીઓ દ્વારા અંગત સંપત્તિઓ પર કબ્જો કરી શકાય નહીં.

વર્ષ ૧૯૭૭માં કર્ણાટક રાજ્ય વિરુદ્ધ રંગનાથ રેડ્ડી અને અન્ય મામલામાં ન્યાયાધીશ કૃષ્ણા ઐય્યરે લઘુમતી ચૂકાદામાં અંગત સંશાધનોને બંધારણની કલમ ૩૯(બી) હેઠળ 'સમાજના ભૌતિક સંશાધનો'નો ભાગ માન્યો હતો. ન્યાયાધીશ ચંદ્રચૂડે કહ્યું કે, ન્યાયાધીશ ઐય્યર કહે છે કે કલમ ૩૯(બી)નું ધ્યાન રિડિસ્ટ્રીબ્યુશન પર હોય તો તે ભૌતિક સંશાધન સાર્વજનિક હોય કે અંગત, તેનાથી કોઈ ફરક નથી પડતો. આ બાબત જ ચૂકાદાનો તર્ક છે. આ કેસની સાથે મુખ્ય ન્યાયાધીશે મિનરવા મિલ્સ વિરુદ્ધ ભારત સંઘના કેસની પણ વ્યાખ્યા કરી હતી, જેણે કલમ ૩૧-સીની સુધારાની આવૃત્તિને રદ કરી દીધી હતી. આ સમયે બેન્ચને આશ્ચર્ય થયું કે, શું તેનાથી ૧૯૭૬ના ૪૨મા સંશોધન અધિનિયમ આવતા પહેલાં સુધારા વિનાની આવૃત્તિ પુનર્જિવિત થઈ શકશે કે કેમ?

આ સંદર્ભમાં અરજદારો તરફથી દલીલ કરાઈ હતી કે જસ્ટિસ ઐય્યર મુજબ તમે કોઈપણ વ્યક્તિની જમીન પર કબ્જો કરીને તેને વહેંચી શકો છો. આ એકદમ માર્ક્સવાદી કન્સેપ્ટ છે કે કોઈની પણ જમીન લઈ લો અને તેને કોઈને પણ વહેંચી દો. આ સમયે સીજેઆઈ ચંદ્રચૂડે કહ્યું કે, આપણે ન્યાયાધીશ ઐય્યરની માર્ક્સવાદી વ્યાખ્યા સુધી જવાની જરૂર નથી.

# ઝુલતા પુલ દુર્ઘટના મામલે હાઈકોર્ટે ઓરેવાની ઝાટકણી કાઢી

## પીડિતો માટે કરાતા કામથી કોર્ટ નાખુશઃ ઓરેવા વિધવાઓને વળતર પેટે મહિને ૧૨૦૦૦ આપશેઃ કોર્ટની બિનશરતી માફી માંગી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટમાં મોરબી બ્રિજ દુર્ઘટનાના પીડિતોના પુનર્વસનને લઈ સુનાવણી ચાલી રહી છે. આ સુનાવણી દરમિયાન ઓરેવાએ બિનશરતી માફી માગી છે. છેલ્લે કોર્ટના હુકમના અનાદર બદલ હાઇકોર્ટે ઓરેવા કંપનીના મેનેજિંગ ડિરેક્ટરો સામે કન્ટેમ્પ્ટ દાખલ કરવા નોટિસ આપી હતી.

ઓરેવા કંપની તરફથી હાઇકોર્ટમાં કોર્ટની કન્ટેમ્પ્ટ દાખલ કરવાની શો કોઝ નોટિસ અને કલેકટર દ્વારા પીડિતોને આપવાના વળતર અંગે એફિડેવિટ ફાઈલ કરવામાં આવી છે. મોરબી જિલ્લા કલેકટરે પીડિતોને જે વળતર આપવા કહ્યું હતુ તે આપવા કંપની તૈયાર છે. જેમાં અનાથ બાળકો, વિધવા મહિલાઓ વગેરેને ૧૨ હજાર રૂપિયા પ્રતિમાસ આપવા કલેકટરે સૂચવ્યું હતું, જ્યારે કંપની માત્ર મહિને ૦૫ હજાર આપવા તૈયાર હતી. કંપનીએ કહ્યું કે તેણે કોર્ટના સૂચન મુજબ પીડિતો માટે ટ્રસ્ટ બનાવવાની કામગીરી શરૂ કરી છે. કલેકટરે સૂચવ્યા મુજબનું વળતર તેઓ 30 એપ્રિલ સુધીમાં ટ્રસ્ટ રજિસ્ટર્ડ થયે તેના બેંક ખાતામાં અથવા લીગલ એડમાં જમાં કરાવવા તૈયાર છે.

કોર્ટે પૂછ્યું આ તો દર મહિને કરવાની થતી સહાય છે, કાયમી વળતર અંગે શું



વિચાર્યું છે? કંપનીની ઈજ્છજવાબદારીઓનું શું? કંપની આ દુર્ઘટનામાં દોષિત છે, જે દોષ ક્ષમા યોગ્ય નથી ત્યારે કંપનીએ પીડિતો માટે કંઈક વધારે કરવું પડે, આ સામાન્ય અકસ્માત કે એક્ટ ઓફ ગોડ નથી. કંપનીએ જ્યારે બ્રિજનો કોન્ટ્રાક્ટ લીધો ત્યારે તેણે શ્રેષ્ઠ કામ કરવાની જરૂર હતી તે તમારી જવાબદારી બને છે. કંપની તમામ જવાબદારીમાં નિષ્ફળ નીવડી છે. તમને બેનિફિટ ઓફ ડાઉટ મળી શકે તેમ નથી. તમે જાહેર મિલકત સાથે રમત રમી છે, પીડિતોને વધારે આપવાની તમારી જવાબદારી છે.

આ દુર્ઘટનામાં એક યુવતી મુંબઈની ખાનગી કંપનીમાં નોકરી કરે છે તેને મુંબઈમાં ફ્લેટ આપવાના કોર્ટના સૂચન વિશે કંપનીએ જણાવ્યું હતું કે કંપની ફ્લેટ કરતા થોડું ઓછું આપશે. જેથી કોર્ટે કહ્યું હતું કે કંપનીના હોદ્દેદારોએ ચેમ્બરમાં બેસીને વિચાર્યું છે કે પીડિતોનું શું થતું હશે? તે લોકો સમાજમાં કેવી રીતે સર્વાઈવ કરશે? જે પીડિતો પાસે પૈસા નથી તેનું શું? વ્યક્તિ જ્યારે પોતે આ ઘટનામાં દિવ્યાંગ બની હોય તે પરીવારનું ગુજરાન કેવી રીતે ચલાવી શકશે? આવા લોકો ઉપર આશ્રિત થયેલા લોકોના જીવન વિશે વિચાર્યું છે?

કોર્ટે કહ્યું હતું કે કંપનીએ આ PILમાં પીડિતોને વળતર ચૂકવણી અંગે સહકાર આપવાની વાત કરી હતી. શું તમે મુંબઈમાં ખાનગી કંપનીમાં કામ કરતી અને આ દુર્ઘટનામાં ૪૦ ટકા દિવ્યાંગ બનેલી ૨૩-૨૪ વર્ષની યુવતી વિશે વિચાર્યું છે? તેનું આ સમાજમાં શું થશે? તેને હવે જીવનમાં સપોર્ટ મળશે કે કેમ? ભારતમાં દિવ્યાંગ સાથે લગ્ન એક ટેબૂ છે. આપણે દિવ્યાંગ વ્યક્તિઓને નોર્મલ ગણતા નથી. નોર્મલ વ્યક્તિ પોતાને દિવ્યાંગ કરતા ચઢિયાતો ગણે છે.દિવ્યાંગોને દયા દ્રષ્ટિથી જોવામાં આવે છે. તેમને બહાર નીકળવાની જગ્યાએ ઘરે જ રહેવું જોઈએ તેવું લોકો વિચારે છે. કોર્ટ આ યુવતીને જીવનમાં કોઈની જરૂર ના રહે તેવી વ્યવસ્થા કરવા વિચારે છે.દિવ્યાંગોને દયા દ્રષ્ટિથી જોવામાં આવે છે. તેમને બહાર નીકળવાની જગ્યાએ ઘરે જ રહેવું જોઈએ તેવું લોકો વિચારે છે. કોર્ટ આ યુવતીને જીવનમાં કોઈની જરૂર ના રહે તેવી વ્યવસ્થા કરવા વિચારે છે.વિધવાઓને સિલાઈ મશીન આપવાની વાત કંપની કરે છે, નોકરી આપવાની વાત કંપની કરે છે, પરંતુ કે વિધવાએ નોકરી નથી સ્વીકારી તેની પાછળના કારણો વિચાર્યા છે? તમે વિધવાઓને નોકરીની ઓફર કરીને સીધું કહી દીધું કે તે નોકરી સ્વીકારવા નથી માંગતી!સિલાઈ મશીન તેમના માટે પૂરતું નથી. ગુજરાત ટ્રેડિશનલ અને ફોક આર્ટ માટે જાણીતું છે. તેવી ચીજોના ઉત્પાદન આ મહિલાઓ થકી થાય અને તેમને માર્કેટ મળે તેવુ કંઇ વિચાર્યું છે?સિલાઈ મશીન આપવું તે તો દાન આપવા બરાબર છે! કોર્ટ કંપનીના પિડિતો માટે કરાતા કામથી ખુશ નથી. કોર્ટે અગાઉ કંપનીને ૧-૨ વ્યક્તિઓને નોડલ ઓફિસર તરીકે રાખવા જણાવ્યું હતું, જેથી પીડિતાના યોગ્ય પુનઃર્વસનનો પ્રસ્તાવ કોર્ટ સમક્ષ મૂકી શકાય તે વિશે શું કર્યું?

# જામનગરમાં બાઈક અકસ્માતમાં ચાલકનું મૃત્યુ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સેકશન રોડ પર આશરે ૧૨ દિવસ પહેલા મોટરસાયકલ અને એકટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં ગંભીર ઇજા પામેલા એક યુવાનનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજયું છે આ અંગે મોટરસાયકલ ચાલક સામે ફરીયાદ દાખલ કરવામાં આવી હતી.જામનગરના મયુરનગર વામ્બે આવાસ પાસે રહેતા ફર્નિચરનું કામ કરતા ચિરાગ મનસુખભાઇ વાડોદરીયા (ઉ.વ.30) નામનો યુવાન પોતાનું એકટીવા નં. જીજે૧૦ડીએમ-૨૩૫૧ લઇને ગત તા. ૧૨ના રોજ શ સેકશન રોડ ઇન્કમટેક્ષ ઓફીસ પાસેના રોડ પરથી પસાર થતા હતા ત્યારે નિલેશ



ભુપતભાઇ પિત્રોડાએ પોતાના કબ્જાનું મોટરસાયકલ નં. જીજે૧૦સીકે-૯૫૪૭ પુરપાટ ઝડપે અને બેફીકરાઇથી ચલાવી એકટીવાને પાછળના ભાગે ઠોકર મારી હતી.

આથી ચિરાગભાઇ એકટીવા સાથે નીચે પડી જતા તેમને પગ, ગોઠણમાં ઇજા થઇ હતી, એકટીમાં નુકશાન થયુ હતું, જયારે નિલેશ બેભાન થઇ જતા અને માથામાંથી લોહી નીકળતી હાલતમાં ૧૦૮ મારફ્ત જી.જી. હોસ્પીટલમાં લઇ જતા સારવાર દરમ્યાન ગત તા. ૧૮ના રોજ તેમનું મૃત્યુ થયુ હતું આમ આરોપીએ પોતાની બેદરકારીથી એકટીવા સાથે અકસ્માત કરી મરણ જતા ગુનો કર્યો હતો.આ અંગે ચિરાગભાઇ દ્વારા ગઇકાલે સીટી-બી ડીવીઝનમાં જામનગરના મોટરસાયકલના ચાલક નિલેશ ભુપતભાઇ પિત્રોડા સામે ફરીયાદ કરતા પોલીસ દ્વારા ફરીયાદના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવી હતી.

# જામનગર ક્રિકેટ બંગલા વિસ્તારમાં મોબાઈલમાં આઈડી મારફત સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ક્રિકેટ બંગલા વિસ્તારમાંથી મોબાઇલમાં આઇ.ડી. મારફત આઇપીએલની મેચ પર સટ્ટો રમી રહેતાં એક શખ્સને પોલીસે પકડી પાડી તેની પાસેથી મોબાઇલ સહિત રોકડ રકમ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટનો શખ્સ ફરાર થઈ જતાં પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે.જામનગરમાં દિ.પ્લોટ શેરી નં.૧૫માં રહેતો આશિષ ઉર્ફે લાલો વિનોદરાય નથવાણી નામનો વેપારી શખ્સ ક્રિકેટ બંગલા



નજીક શેરી વિસ્તારમાં પોતાના મોબાઇલમાં ફોનની આઇડી મારફતે આઇપીએલની મેચ પર પૈસાની હારજીતનો સટ્ટો રમતા સિટી બી ડિવિઝન પોલીસે ઝડપી લીધો હતો.

પોલીસે તેના કબ્જામાંથી રૂ.૭૦૦ની રોકડ અને મોબાઇલ ફોન કબ્જે કરી પૂછપરછ હાથ ધરતાં પોતે રાજકોટના પિયુષભાઇ પટેલ નામના બુકી સાથે સટ્ટો રમતો હોવાની કબુલાત આપી હતી. આથી પોલીસે પિયુષ પટેલને ફરારી જાહેર કરી તેને પકડી પાડવા રાજકોટ તરફ ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબીના રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘનો અનોખો સેવાયજ્ઞ: વિદ્યાર્થીઓના જુના પુસ્તકો એકત્ર કરી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આપશે

## મોરબીના મહાસંઘના કાર્યકર્તાઓ સ્ટોલ પર ઉભા રહી જુના પાઠ્ય પુસ્તકો અને ગાઈડ એકત્ર કરી જરૂરિયાત મંદ સુધી પહોંચાડશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી,રાષ્ટ્ર કે હિતમે શિક્ષા, શિક્ષા કે હિતમેં શિક્ષક,શિક્ષક કે હિતમેં સમાજ અને છાત્ર કે હિતમેં કાર્યરત અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ શિક્ષકોના પ્રશ્નોની સાથે સાથે રક્તદાન કેમ્પ, વૃક્ષારોપણ,માતૃશક્તિ વંદના, કર્તવ્યબોધ દિવસ ઉજવણી, ગુરુ વંદના,વર્ષ પ્રતિપદાની ઉજવણી જેવા કાર્યક્રમો કરે છે.એવીજ રીતે શૈક્ષિક મહાસંઘ વધુ એક સેવાયજ્ઞ કરવા જઈ રહ્યું છે જેમાં આગામી ૨૮ એપ્રિલ - ૨૦૨૪ ને રવિવારના રોજ, સ્વામિનારાયણ મંદિર, નવા બસ સ્ટેટન્ડ પાસે મોરબી, રવાપર સ્વાગત ચોકડી, અને મહારાણા પ્રતાપ સર્કલ,સામાં કાંઠે,મોરબી-૨ ખાતે શૈક્ષિક મહાસંઘના કાર્યકર્તાઓ સ્ટોલ બનાવી સવારના ૮.૦૦ વાગ્યાથી બપોરના ૧૨.૦૦ વાગ્યા સુધી ત્રણેય સ્ટોલ પર ઉભા રહેશે અને ધો ૩ થી ૧૨ ના જુના પુસ્તકો એકત્ર કરશે,આ એકત્ર કરેલા જુના પુસ્તકો જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે જુદી જુદી શાળાઓમાં અર્પણ કરશે તો મોરબીની તમામ દાનવીર વાલીઓને જણાવવાનું કે આપના બાળકના જુના પુસ્તકો બિલકુલ નજીવી કિંમતે પસ્તીમાં ન આપતા ઉપરોક્ત સ્ટોલમાં જમા કરાવી પુસ્તક દાનનું પ્રમાણપત્ર મેળવી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના સેવાયજ્ઞમાં સહભાગી બનવા અપીલ કરાઈ છે.

# જામનગરમાં ક્રેડીટ બુલ્સ કંપનીના કરોડોના ચિટીંગમાં આરોપીના જામીન નામંજુર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ક્રેડીટ બુલ્સ કંપનીના કરોડોના ચિટીંગ પ્રકરણમાં એક આરોપીએ દાખલ કરેલી રેગ્યુલર જામીન અરજી જામનગરની પ્રિન્સીપલ ડીસ્ટ્રીક કોર્ટે નામંજુર કરી છે.જામનગરના પી.એન. માર્ગ પર આવેલી ક્રેડીટ બુલ્સ કંપનીના સીઇઓ સહિતનાઓએ રોકાણકારોને અલગ અલગ સ્કીમ સમજાવી તેમા રોકાણ કરવા ઉંચા વળતરની લાલચ આપી હતી, દરમ્યાન રોકાણકારો ત્યારબાદ લાખોની રકમ પરત નહીં મળતા રોકાણકારોમાં દેકારો બોલ્યો હતો અને આખરે આ મામલે ચાર સામે પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવી હતી. જેના આધારે તપાસમાં ફરીયાદી સહિત ૫૭ રોકાણકારોની કુલ ૧૧.૦૭ કરોડ જેવી રકમની છેતરપીંડી થયાનું સામે આવ્યુ હતું, આ ફરીયાદના આધારે પોલીસે એક આરોપી પંકજ વડગામાની અટકાયત કરી જરી કાર્યવાહી બાદ જેલ હવાલે કર્યો હતો.પંકજ વડગામાં દ્વારા કોર્ટમાં જામીન અરજી કરવામાં આવી હતી, જે જામીન અરજી કોર્ટમાં ચાલવા પર આવતા જીલ્લા સરકારી વકીલ જે. કે. ભંડેરી દ્વારા એવી રજુઆતો કરવામાં આવી હતી કે, આ કામે અન્ય આરોપીઓ પકડવાના બાક હોય, આરોપીઓ દ્વારા ઇમેલ મારફત કંપની વળતર નહીં ચુકવે તેવુ જણાવેલ છે, હાલના અજરદાર આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો ગુનાના અગત્યના સાહેદોને જે જામનગરના નાગરીકો છે, તેમને લોભ લાલચ કે ધમકી આપી પુરાવા ફોડવા કોશીષ કરશે તેવી દહેશત રહેલી છે.ડીમેટ એકાઉન્ટની ડીટેલ્સ અને એકાઉન્ટનો ઉપયોગ કરીને મુદામાલ સગેવગે કર શકે છે, બહોળા પ્રમાણમાં નાગરીકોને અસર કરતો ગંભીર પ્રકારનો આર્થીક ગુનો છે, ક્રેડીટ બુલ્સની રાજકોટ તથા મુંબઇ ખાતે પણ બ્રાન્ચ આવેલ હોય આમ આરોપીઓ દ્વારા ગુજરાત બહારના લોકો સાથે પણ આર્થીક ગુનો કરેલ હોવાનું જણાઇ આવતુ હોય જેથી જામીન નામંજુર કરવા જોઇએ, આ ઉપરાંત પણ ધારદાર રજુઆતો કરવામાં આવી હતી તેમજ પોલીસ અધિકારીનું સોગંદનામું વિગેરે ધ્યાને લઇ જામનગરની પ્રિન્સીપલ ડીસ્ટ્રીક કોર્ટ દ્વારા આરોપી પંકજ વડગામાના રેગ્યુલર જામીન અરજી નામંજુર કરેલ છે.


# મોરબી જીલ્લામાં ૮૫+ વરિષ્ઠ મતદારોને ઘરેથી મતદાન કરવાની પ્રક્રિયાનો શુભારંભ

## મોરબીમાં ૮૮ વર્ષની વયે લોકશાહી ધર્મ નિભાવી મતદાન કરતાં વયોવૃદ્ધ મતદાતા જયાબેન શાહ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં ૮૫ વર્ષથી ઉપરના વરિષ્ઠ મતદારો તેમજ ઘરેથી મતદાન કરવા ઈચ્છતા દિવ્યાંગ મતદારો માટે ઘરેથી મતદાન કરવાની પ્રક્રિયાનો શુભારંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત જીલ્લાના સંલગ્ન મતદારો ઘરેથી મતદાન કરી લોકશાહીના પર્વમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.

ચૂંટણી પંચ દ્વારા ૮૫ વર્ષથી વધુ ઉમરના વરિષ્ઠ મતદારો તેમજ દિવ્યાંગ મતદારોને બેલેટ દ્વારા ઘરેથી મતદાન કરવાની







સુવિધા આપવામાં આવે છે. ત્યારે હાલ લોકસભા ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત મોરબી જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કે.બી. ઝવેરીના માર્ગદર્શન હેઠળ નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી કુલદીપસિંહ વાળા તેમજ સમગ્ર ચૂંટણીતંત્ર દ્વારા મોરબી જીલ્લામાં ઘરેથી બેલેટ દ્વારા મતદાન કરવાની પ્રક્રિયાનો શુભારંભ કરવામાં આવ્યો છે.

આ કામગીરીના ભાગરૂપે મોરબી જીલ્લામાં ૮૫ વર્ષથી ઉપરના વરિષ્ઠ મતદાતાઓને તેમના ઘેર મતદાનની સુવિધા પુરી પાડવામાં આવી છે. ત્યારે ૮૮ વર્ષની વયના વયોવૃદ્ધ મતદાતા જયાબેન એચ. શાહ દ્વારા મતદાન કરી લોકશાહી ધર્મ નિભાવતા ચૂંટણી પંચનો આભાર માન્યો હતો.

# મોરબીના લક્ષ્મીનગર અંધજન મંડળ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું

## ૧૦૦% મતદાન કરી અંધજન મંડળ સંસ્થાને આદર્શ બનાવે તેવી અપીલ કરતાં જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરી

**મુખ્ય સમાચાર, મોરબી**

લોકસભાની ચૂંટણી અંતર્ગત ચાલી રહેલા મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત મોરબી તાલુકાના લક્ષ્મીનગર ગામ ખાતે આવેલ અંધજન મંડળ ખાતે મોરબી જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીએ જણાવ્યું હતું કે, ચૂંટણી એ લોકશાહીનો મહાપર્વ છે. આગામી ૭મી મેના રોજ લોકસભાની ચૂંટણીનું ત્રીજા તબક્કાનું મતદાન યોજનાર છે. ત્યારે મોરબી જીલ્લો સમગ્ર દેશમાં મતદાન કરવામાં અગ્રેસર રહે તેવા પ્રયાસો આપણે સાથે મળી સૌએ કરવાના છે.

વધુમાં કલેક્ટર દ્વારા જણાવ્યું હતું કે, દિવ્યાંગ મતદારો માટે ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. જે મતદારો ઘર બેઠા મતદાન કરવા માંગતા હોય તેમને પોસ્ટલ





બેલેટ દ્વારા મતદાન કરવાની સુવિધા તેમજ વાહન, પ્રતિનિધિ કે વ્હીલ ચેરની જરૂરિયાત હોય તેમના માટે પણ આનુસંગિક વ્યવસ્થાઓ કરવામાં આવી છે. જે ૫૫૮ જેટલા દિવ્યાંગ મતદારોએ વ્હીલ ચેરની જરૂરિયાત છે તેમના માટે સંલગ્ન મતદાન બુથ ઉપર વ્હીલ ચેરની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉપરાંત અંધ મતદારો માટે બ્રેઈન લિપિની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

ત્યારે કાર્યક્રમના અંતમાં જીલ્લા કલેક્ટર કે.બી.ઝવેરી દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિતોને અપીલ કરી હતી કે લક્ષ્મીનગર અંધજન મંડળ સંસ્થાના તમામ સભ્યો ૧૦૦% મતદાન કરે અને એક આદર્શ ઉદાહરણ પુરુ પાડે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે સર્વે ઉપસ્થિતોએ અવશ્ય મતદાન કરવા માટે શપથ પણ લીધા હતા. ત્યારે મતદાન જાગૃતિ અંતર્ગતના આ કાર્યક્રમમાં જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ, જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી નમ્રતાબેન મહેતા, જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી વૈશાલીબેન જોશી, નાયબ જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દિનેશભાઈ ગરચર, અંધજન મંડળના પ્રમુખ હતિમભાઈ તેમજ સંસ્થાના ૧૦૦ થી વધુ દિવ્યાંગો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી પરશુરામ ગ્રુપ દ્વારા ભગવાન પરશુરામ દાદાના જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી માં આગામી તા.૧૦/૦૫/૨૦૨૪ ને આખત્રીજ ના દિવસે બ્રાહ્મણોના આરાધ્ય દેવ ભગવાન શ્રી પરશુરામ જન્મ જયંતી છે જેને લઇને મોરબી શ્રી પરશુરામ યુવા ગૃપ દ્વારા ભગવાન પરશુરામ દાદા ના જન્મોત્સવ ની રંગે ચંગે ઉજવણી કરવામાં આવશે આ માટે મોરબી પરશુરામ યુવા ગ્રુપ ના પ્રમુખ અતુલભાઈ જોશી,મહામંત્રી જ્યદીપભાઈ મહેતા,મહામંત્રી નયનભાઈ પંડ્યા તેમજ સંકલન સમિતિ અને અન્ય હોદેદારો સહિત બ્રહમ સમાજના તમામ પરિવાર દ્વારા આ ઉજવણી ધામ ધૂમથી થાય તે માટે જોર શોરથી મહેનત કરી રહ્યા છે ત્યારે આગામી તા.૧૦ મે ના રોજ શ્રી પરશુરામ ભગવાન નો જન્મોત્સવ છે ત્યારે આગળના દિવસે સાંજે ૯.૦૦ કલાકે નવલખી રોડ સ્થિતિ પરશુરામ ધામ ખાતે બ્રહ્મપરીવારો દ્વારા રાસ ગરબા કરી ભગવાન શ્રી પરશુરામ દાદા ના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે અને બીજા દિવસે તારીખ ૧૦ મે ૨૦૨૪ ના રોજ મોરબીના ગાયત્રી મંદિર વાઘપરા ખાતે થી શોભાયાત્રા બપોરના ૪.૦૦ કલાકે શરૂ થશે અને ધામધૂમ થી ઢોલ નગરા સાથે ભગવાન શ્રી પરશુરામ મોરબીના રાજમાર્ગો પર નગરચર્યા કરી અને નવલખી સ્થિત શ્રી પરશુરામ ધામ ખાતે પહોંચશે જ્યાં પ્રસાદ લઈ ભગવાન શ્રી પરશુરામ દાદા ને છપ્પન ભોગ ધરાવી મહા આરતી કરી પ્રસાદ લઈ ઉજવણી કરવામાં આવશે સાથે સાથે બંને દિવસના કાર્યક્રમોનું પ્રસારણ પણ લાઈવ રહેશે ત્યારે મોરબીના તમામ બ્રહ્મ પરિવારોને આ ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવની ઉજવણીમાં ભાગ લેવા શ્રી પરશુરામ યુવા ગ્રુપ ના પ્રમુખ અતુલભાઈ જોશી તથા પરશુરામ યુવા ગ્રુપ ના તમામ હોદેદારો સભ્યો અને બ્રહ્મ સમાજ દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જામનગર જિલ્લામાં મતદાન મથકથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચારથી વધુ વ્યક્તિઓએ એકઠા થવા પર પ્રતિબંધાત્મક હુકમો જાહેર કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટેનું મતદાન જામનગર જિલ્લામાં તારીખ ૦૭/૦૫/૨૦૨૪ ના રોજ થનાર છે. મતદાનના દિવસે મતદાન મથકની આજુબાજુના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તથા મતદારો શાંતિપૂર્વક મતદાન કરી શકે તે હેતુથી મતદાન મથકથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં એકઠા થવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.તેથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી.એન.ખેર, જામનગર દ્વારા બહાર પાડવામાં આવેલા પ્રતિબંધાત્મક જાહેરનામામાં જણાવ્યા અનુસાર ચારથી વધુ વ્યક્તિઓને મતદાન મથકોથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં એકઠા થવા પર સવારના ૦૭:૦૦ કલાકથી સાંજના ૦૬:૦૦ કલાક સુધી ચાર રસ્તા કરતા વધારે વ્યક્તિઓની મંડળી કોઈએ ભરવા કે બોલાવી શકાશે નહીં. તેમજ સરઘસ કાઢવા પર અને એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

ઉક્ત પ્રતિબંધાત્મક જાહેરનામું સરકારી નોકરીમાં અથવા તેમની ફરજની રૂએ રોજગારીમાં હોય તેવી વ્યક્તિઓને, ફરજ ઉપર હોય તેવા બિનપોલીસ દળો જેવા કે ગૃહ રક્ષક દળના સભ્યો, ગ્રામ રક્ષક દળ, સી.આઈ.એસ.એફ., ફોરેસ્ટ, કસ્ટમ, સેન્ટ્રલ એક્સાઈઝ, એન.સી.સી. વગેરે કે જેઓને ખાસ પોલીસ અધિકારીના અધિકારો એનાયત કરાયેલા હોય તેવી તમામ વ્યક્તિઓને આ જાહેરનામું લાગુ પડશે નહીં.આ ઉપરાંત લગ્નના વરઘોડા, સ્મશાન યાત્રા, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટે મતદાર યાદીમાં નોંધાયેલા માન્ય મતદારોની મતદાન સમયેની હરોળ.લાઈનને, પોલીસ અધિક્ષક અથવા તેમણે અધિકૃત કરેલા અધિકારી, જિલ્લા ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી કે સંબંધિત તાલુકા મામલતદારએ અધિકૃત કરેલા વ્યક્તિઓને આ જાહેરનામું લાગુ પડશે નહીં. ઉપરોક્ત પ્રતિબંધાત્મક હુકમોનો ભંગ કરનારી કે ઉલ્લંઘન કરનારી વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર બનશે.

# જામનગર જનરલ ઑબ્ઝર્વર હસમત અલી યાતો અને પોલીસ ઑબ્ઝર્વર ઉત્પલકુમાર નાસ્કરે જામનગર MCMC સેન્ટરની મુલાકાત લીધી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા માહિતી કચેરી પાસે કાર્યરત ખઈખઈ સેન્ટર પેઈડ ન્યૂઝ અને સોશિયલ મીડિયા પર ચૂંટણીપંચની માર્ગદર્શિકા પ્રમાણે રાખી રહ્યું છે નજર.જામનગર, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત પેઇડ ન્યૂઝ અને જાહેરખબરો ઉપર તેમજ સોશિયલ મીડીયા પર દેખરેખ રાખવા માટે જિલ્લા માહિતી કચેરી, જિલ્લા સેવા સદન-૨ જામનગર ખાતે મીડિયા સેન્ટર ઊભું કરવામાં આવ્યું છે. જેની ૧૨-જામનગર સંસદીય મત વિસ્તાર માટે નિમાયેલા જનરલ ઑબ્ઝર્વર હસમત અલી યાતો અને પોલીસ ઑબ્ઝર્વર ઉત્તપલકુમાર નાસ્કરે મુલાકાત લીધી હતી.ઑબ્ઝર્વરઓએ ખઈખઈ સેન્ટર ખાતે થઈ રહેલી કામગીરી અંગેની સમીક્ષા



કરી હતી. જેમાં ઇલેક્ટ્રોનિક મીડિયા, પ્રિન્ટ મીડિયા, સોશિયલ મીડિયા પર ડિસ્પ્લે થતી જાહેર ખબરો અને તેનું પૂર્વ પ્રમાણીકરણ વગેરે અંગે માર્ગદર્શન પૂરું પાડી નોડલ અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. તેમજ ચૂંટણીપંચની માર્ગદર્શિકા મુજબ સેન્ટર દ્વારા મોનીટરીંગની જે કામગીરી કરાઇ રહી છે તેની વિગતો એમસીએમસી નોડલ અધિકારી અને નાયબ માહિતી નિયામક દેવેન્દ્ર કડિયા પાસેથી મેળવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં ચૂંટણીને લગતી કોઈ પણ ફરિયાદ કે રજૂઆત માટે નાગરિકો ઑબ્ઝર્વરઓને રૂબરૂ મળી શકશે. અથવા જનરલ ઑબ્ઝર્વર હસમત અલી યાતોના મોબાઈલ નં. ૯૦૨૩૩૮૦૩૪૧, પોલીસ ઑબ્ઝર્વર ઉત્તપલ કુમાર નાસ્કરના મોબાઈલ નં. ૮૭૯૯૧૩૬૦૪૪ અને ખર્ચ ઑબ્ઝર્વર અવિજિત મિશ્રાના મોબાઈલ નં. ૮૧૬૦૯૧૬૫૧૯ ઉપર સંપર્ક કરી શકાશે. તેઓ લાલ બંગલો સર્કલ, જામનગર સર્કિટ હાઉસ ખાતેના રૂમ નંબર અનુક્રમે ૨,૩ અને ૬ પર નાગરિકોને રૂબરૂ મળી શકશે. જનરલ ઓબ્ઝર્વર અને પોલીસ ઓબ્ઝર્વરને સવારે ૧૦ થી ૧૧ અને ખર્ચ ઓબ્ઝર્વરને સાંજે ૪ થી ૫ ના સમય દરમિયાન સર્કિટ હાઉસ ખાતે લોકો ફોન ઉપર મંજુરી મેળવ્યા બાદ રૂબરૂ મળી શકશે.

# જામનગર બોધિસત્વ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થી માર્ગદર્શન સેમિનાર યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં IAS, IPS, GPSC અને UPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કેવી રીતે તૈયારી કરવી ? તે અંગે ડો. આંબેડકર ભવન જામનગર ખાતે જામનગર બોધિસત્વ ટ્રસ્ટ દ્વારા આકાશભાઈ ચાવડા માર્ગદર્શન હેઠળ વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.જામનગર બોધિસત્વ ટ્રસ્ટ દ્વારા UPSC/GPSC ની પરીક્ષા માટે સેમીનાર યોજાયો સાથે UPSC selected 2023 આકાશભાઈ ચાવડા નો સન્માન સમારંભ થયેલો ડો. આંબેડકર ભવન જામનગર ખાતે UPSC/GPSC પરીક્ષા ની તૈયારી માટે ના સેમિનાર નું આયોજન બોધિસત્વ ટ્રસ્ટ જામનગર દ્વારા કરવા માં આવેલું હતું.સન્માન આકાશભાઈ ચાવડાએ હાલ માં જ UPSC ની પરીક્ષા પાસ કરેલ છે







તેવો ના સન્માન માટે જામનગર ના અનેક નામાંકિત વ્યક્તિઓ વિદ્યાર્થીઓ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ના માતા પિતા ઉપસ્થિત રહી ને બહુમાન આપેલું હતું જેમાં જામનગર જિલ્લા સિવાય ના અન્ય જિલ્લા માંથી અલગ અલગ જ્ઞાતિ અને સમાજ ના આગેવાનો પણ સાહેબ ને શુભેચ્છા પાઠવવા માટે ઉપસ્થિત રહ્યા હતા જેમાં દરેક વ્યક્તિ ઓ પર્સનલી સાહેબ ને મળી શુભેચ્છા પાઠવેલી હતી જામનગર ના અન્ય સંગઠનો ઓ એ પણને સન્માનતી કરવા ઉપસ્થિત રહ્યા હતા જેમાં સૌથી વધુ ઉત્સાહ વિદ્યાર્થીઓ માં જોવા મળેલો હતો ત્યાર બાદ બોધિસત્વ ટ્રસ્ટ જામનગર ટ્રસ્ટીઓ તથા મેનેજમેન્ટ ટિમ દ્વારાને મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા સેમિનાર સમાજ ને નવી દિશા કહ્યે કે દષ્ટિકોણ કે નવી આખો ના પ્રયત્ન ના ભાગરૂપે આ સેમિનાર નું આયોજન કરવા માં આવેલું હતું સમાજ માં GPSC/UPSC પાસ કરવા એ બાબત સહેલી અને સામાન્ય બનવી જોઈએ સાથે આવી પરીક્ષા ઓ માં વિદ્યાર્થીઓ નિયમિત સફળ થતા રહે તે ઉદેશ થી આકાશ દ્વારા વિદ્યાર્થીઓ ને પોતે કરેલી તૈયારી અંગે માહિતગાર કરેલા હતા જેમાં ક્યાં પુસ્તકો માંથી તૈયારી કરવી કેટલો સમય વાંચન કરવું કઈ પદ્ધતિ થી વાંચન કરવું જેવી તૈયારી માટે ની અનેક પ્રકાર ની નાની નાની બાબતો વિશે માહિતી આપવા માં આવેલી હતી સેમિનાર ના અંતે વિદ્યાર્થીઓ માટે પ્રસનોતરી સેસન રાખવા માં આવેલું હતું જેમાં વિદ્યાર્થીઓ એ તેમને મુંઝવતા પ્રશ્નો આકાશ સામે રજૂ કરેલા હતા જેના જવાબ વિસ્તાર પૂર્વક અને સમજાય તેવી સરળ પદ્ધતિ માં જવાબો આપેલા હતા

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓમાં આત્મવિશ્વાસ સિંચવાનું કામ કર્યુ છેઃ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ

## આગામી જુન-જુલાઈ માસમાં દેશમાં વંદે મેટ્રો ટ્રેન શરૂ થતાં જ રેલ્વેમાં સાચી ક્રાંતિ આવશે



(તસ્વીરઃ આનંદ જાવિયા)





**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પ્રમુખસ્વામી ઓડીટોરિયમ ખાતે વિકસિત ભારત ૨૦૪૭ અંતર્ગત યોજાયેલાં કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથેના સંવાદ કાર્યક્રમમાં તેઓએ જણાવ્યું હતું કે ૨૦૧૪ બાદ નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન પદ સંભાળતાં જ દેશના નવયુવાનોમાં આત્મવિશ્વાસ સિચવાનું કામ કર્યુ છે. તેઓએ ૧૯૫૦થી ૧૯૯૦ના ચાર દાયકા દરમ્યાન દેશમાં જે ઉર્જા હતી તેને ખતમ કરી નાંખવાનું કામ કોંગ્રેસે કરી નાંખ્યુ હોવાનું જણાવ્યું હતું. જેને કારણે ભારતની અર્થવ્યવસ્થા ૨૦04માં ૧૧માં ક્રમે હતી જે આજે પાંચમા ક્રમે છે અને આવનારા દિવસોમાં વધુ એક પગથિયુ આગળ વધશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

તેઓએ દેશની અર્થવ્યવસ્થા મામલે વડાપ્રધાન મોદીને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે તેઓએ તમામ દેશવાસીઓમાં નવો આત્મવિશ્વાસ કેળવ્યો છે. ત્રણ વર્ષ પહેલાં જ તેઓએ વિકસિત ભારત પર કામ કરવાનું શરૂ કર્યુ હતું. આજે તે ઝડપથી આગળ વધી રહ્યું છે. ૨૦૧૪માં ભારતની નાણાંકીય પરિસ્થિતિ સારી ન હતી. તેને સધ્ધરતા આપવા સાથે બજેટને બેલેન્સ કરવાનું કામ મોદી સરકારમાં થયું છે. જેને કારણે વિશ્વમાં ભારતનો દબદબો વધ્યો છે.

તેઓએ આવનારા દિવસોમાં બે નવી ટ્રેનો શરૂ થઈ રહી છે. તેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે વંદે સ્લીપર અને વંદે મેટ્રો ટ્રેન આત્મનિર્ભર ભારતનું પ્રતિક હશે. આજે સમગ્ર દેશમાં વંદે ભારત ટ્રેન દોડી રહી છે તે રીતે આવનારા જુન-જુલાઈ માસમાં વંદે મેટ્રો હાઈસ્પીડ ટ્રેન શરૂ થતાં જ દેશમાં રેલ્વેમાં સાચી ક્રાંતિ આવશે. આજે યોજાયેલાં સંવાદ કાર્યક્રમમાં સાંસદ રામભાઈ મોકરિયા, મોહનભાઈ કુંડારિયા, કેશરીદેવસિંહ ઝાલા, ચેમ્બરના પ્રમુખ વી.પી. વૈષ્ણવ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# મારવાડી યુનિવર્સિટીએ ૧૦૦ પેટેન્ટ ફાઇલ કરીને વર્લ્ડ આઈપી ડેના નવું સીમાચિહ્ન હાંસલ કર્યું

## કેટલાક ઔદ્યોગિક ક્ષેત્રોમાં સંકળાયેલા વિદ્યાર્થીઓના માતા-પિતા પણ પ્રોબ્લેમ સ્ટેમેન્ટની સાથે યુનિ.ની મદદે આગળ આવ્યાં હતાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મારવાડી યુનિવર્સિટીએ તેના સેન્ટર ફોર ઈનોવેશન, ઈન્ક્યુબેશન એન્ડ રીસર્ચ (MUIIR) મારફતે ભારતના ઇન્ટેલેકયુઅલ પ્રોપર્ટી લેન્ડસ્કેપમાં નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કરીને વર્લ્ડ આઈપી ડે ૨૦૨૪ની ઉજવણી કરી હતી. આ દિવસની ઉજવણી કરવા માટે ૧૦૦ પેટેન્ટ્સ ફાઇલ કરીને મારવાડી યુનિવર્સિટીએ નવીનીકરણને પ્રોત્સાહન આપવાની તેની કટિબદ્ધતાનું પાલન કર્યું છે.

વર્લ્ડ ઇન્ટેલેક્યુઅલ પ્રોપર્ટી ડે દર વર્ષે ૨૬ એપ્રિલના રોજ ઉજવવામાં આવે છે. પેટેન્ટ્સ, કોપીરાઇટ, ટ્રેડમાર્કર્સ અને ડીઝાઇન્સ અંગે તથા તે લોકોના રોજબરોજના જીવન પર કેવી રીતે પ્રભાવ પાડે છે તેના અંગે જાગૃતિ પેદા કરવા માટે તથા સર્જનાત્મકતા અને સમગ્ર વિશ્વના સર્જકો અને ઇનોવેટર્સ દ્વારા આપવામાં આવેલા યોગદાનોને સન્માનિત કરવા માટે વર્ષ ૨૦૦૦માં વર્લ્ડ ઇન્ટેલેક્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઇઝેશન (ઠંઈઙ્ઘ) દ્વારા આ ઇવેન્ટની સ્થાપના કરવામાં આવી હતી.

WIPOના સ્ટેટિસ્ટિકસ મુજબ વર્ષ ૨૦૨૨માં સમગ્ર વિશ્વમાં ૩૪.૫૭ લાખ પેટેન્ટ્સ ફાઇલ કરવામાં આવી હતી. ઇન્ડિયા પેટેન્ટ ઑફિસ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં લગભગ ૮૦,૨૧૧ પેટેન્ટ્સ ફાઇલ કરવામાં આવી હતી. તે ભારતમાં નવીનીકરણો અને આઇડીયાને માન્યતા આપવાની અને તેને પેટેન્ટ - કરાવવાની તાત્કાલિક જરૂરિયાત પર પ્રકાશ પાડે છે.

વિદ્યાર્થીઓમાં નવીનીકરણને પોષવા અને પ્રોત્સાહન આપવા માટે IPR પ્રોટેક્શનના મહત્ત્વને માન્યતા આપવા માટે મારવાડી યુનિવર્સિટીએ કેટલાક સક્રિય પગલાં લીધાં છે, જેથી કરીને આ ઇવેન્ટ મારફતે પેટેન્ટ્સના ફાઇલિંગ અને મંજૂરી આપવાની પ્રક્રિયા અંગે જાગૃતિ ફેલાવી શકાય તથા તેને સુવિધાજનક બનાવી શકાય.




(તસ્વીરઃ આનંદ જાવિયા)

વર્લ્ડ આઇપી ડે ૨૦૨૪ના રોજ ૧૦૦ પેટેન્ટ્સ ફાઇલ કરાવવી એ ફક્ત એક પ્રતીકાત્મક કાર્ય નહોતું પરંતુ તે તો યુનાઇટેડ નેશન્સ દ્વારા સ્થાપવામાં આવેલા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (એસડીજી)ને અનુરૂપ રહીને નવીનીકરણને આગળ વધારવાની મારવાડી યુનિવર્સિટીની કટિબદ્ધતાનું મૂર્ત પ્રદર્શન હતું. આ પેટેન્ટ્સ હેલ્થકેર, સેનિટેશન, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ક્લાઇમેટ એકશન સહિતના વિવિધ ક્ષેત્રોના ગંભીર પડકારોને ઉકેલવા માટેના ઉપાયોની વૈવિધ્યપૂર્ણ શ્રેણી પૂરી પાડે છે.

આવા કેટલાક નોંધપાત્ર નવીનીકરણોમાં આયુર્વેદના સિદ્ધાંતોનું પાલન કરનારી અને ઇમેજ પ્રોસેસિંગ પર આધારિત ડીસીઝ ડીટેકશન સિસ્ટમ, મૂત્રમાર્ગના ચેપની સારવાર કરવા માટે અને વાયુ પ્રદૂષણને દૂર કરવા માટે કૃષિ અવશેષોનો ઉપયોગ કરનારું પોર્ટેબલ યુરિનેશન ડીવાઇઝ તથા દર્દીની સારવાર કરતી વખતે નિયંત્રિત વાતાવરણને જાળવી રાખવા માટેના હોસ્પિટલ બેડ શીલ્ડનો સમાવેશ થાય છે.

રસપ્રદ વાત તો એ છે કે, કેટલાક ઔદ્યોગિક ક્ષેત્રોમાં સંકળાયેલા વિદ્યાર્થીઓના માતા-પિતા પણ પ્રોબલેમ સ્ટેમેન્ટની સાથે મદદરૂપ થવા માટે આગળ આવ્યાં હતાં, જે સમસ્યાઓનું વિદ્યાર્થીઓએ તેમના નવીનીકરણો મારફતે ઉકેલ શોધી કાઢ્યો હતો.

મારવાડી યુનિવર્સિટીએ આ નવીન ઉકેલો અને આઇપીઆરને રસ ધરાવતા ઉદ્યોગો, સંસ્થાઓ તેમજ સમાજને ટ્રાન્સફર કરવાની કામગીરી શરૂ કરી છે. આઇપીઆરના સ્વરૂપમાં રહેલી આ પ્રકારની કેટલીક ટેકનોલોજીઓને રસ ધરાવતા ઉદ્યોગોને તેમજ સંસ્થાઓને પણ ટ્રાન્સફર કરવામાં આવી છે, જેના પરિણામે ઇનોવેટર્સને આવક પણ મળવા લાગી છે.

મારવાડી યુનિવર્સિટીના ટ્રસ્ટી ધ્રુવ મારવાડીએ જણાવ્યું હતું કે, 'મારવાડી યુનિવર્સિટી ખાતે અમે નવીનીકરણ અને ઇન્ટેલેક્યુઅલ પ્રોપર્ટીના સંરક્ષણ માટેની એક સહાયક ઇકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે કટિબદ્ધ છીએ. સંશોધન અને નવીનીકરણમાં શ્રેષ્ઠતા હાંસલ કરવાના યુનિવર્સિટીના અથાક પ્રયત્નો પેટેન્ટ્સ મેળવવાના અને સામાજિક પ્રભાવ પાડવાના અમારા પ્રયાસોમાં જોઇ શકાય છે. વર્લ્ડ આઇપી ડેની ઉજવણી જેવી પહેલ મારફતે અમારો ઉદ્દેશ્ય ઇનોવેટર્સની એક નવી પેઢીને પ્રેરિત કરવાનો છે, જેઓ આપણાં સમાજમાં એક હકારાત્મક પરિવર્તન લાવી શકે.'

છેલ્લાં બે વર્ષમાં યુનિવર્સિટીના MUIIR સેન્ટરે ૨૧૦થી વધારે આઇપીઆર ફાઇલ કર્યા છે, જેમાં આઇપી ઑફિસ તરફથી ગ્રાન્ટ મેળવવામાં સફળતાનો દર ૭૫% જેટલો ખૂબ જ સારો પહેલ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને ઇન્ડસ્ટ્રી પાર્ટનરોમાં ઇનોવેશન અને આંત્રપ્રેન્યોરશિપના કલ્ચરને પ્રોત્સાહન આપવાની કટિબદ્ધતાને દર્શાવે છે.

મારવાડી યુનિવર્સિટી ઉદ્યોગો, સંગઠનો, સંસ્થાઓ અને એસોસિયેશનોને આઇપીઆરને ફાઇલ કરવાની તથા દેશના વિકાસમાં યોગદાન આપવાની પ્રક્રિયાને વેગ આપવા માટે સહયોગ સાધવા આમંત્રિત કરે છે. યુનિવર્સિટી ઇનોવેટર્સને તેનો સપોર્ટ પૂરો પાડવા તથા તેના MUIIR સેન્ટર મારફતે પેટેન્ટ ફાઇલ કરવા અંગે માર્ગદર્શન ઇચ્છતા કોઈ પણ વ્યક્તિને સહાયરૂપ થવા માટે અડગ છે.

# પરાબજારમાં કેરી ખરીદવા ગયેલા અનુજાતિના યુવાનને અપમાનીત કરી શખ્સે મારમાર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં મારામારીની બે ઘટના સામે આવી છે. પરાબજારમાં મિત્રના જૂના ઝઘડાનો ખાર રાખીને પ્રશાંત વાળોદરા પર બે શખ્સો દ્વારા જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો.જ્યારે બેડીપરામાં જમીન વિવાદનું મનદુખ રાખી નિલેશ ખીટ નામના યુવકને ત્રણ શખ્સો દ્વારા લોખંડના પાઈપ વડે હિચકારો હુમલો કરવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ જામનગર રોડ પર રામદેવપીરના મંદિર નજીક આવેલા સ્લમ ક્વાર્ટરમાં રહેતો પ્રશાંત ઉર્ફે ઘોઘો ઠાકોરભાઈ વાળોદરા(ઉ. વ.૨૪) પરાબજાર નજીક કેરી લઈને પરત ફરતો હતો ત્યારે રસ્તામાં બાઇક પડલે હોય જે લેવાનું કહી યુવકની સાથે રહેલા મિત્ર આરીફ ઓસ્માનભાઈ કૈડા ગાડીમાંથી બહાર નીકળેલ દરમિયાન દુકાનમાં આરીફના સગા હાજર હોય અને તેમની સાથે આરીફને એકાદ વર્ષ અગાઉ ઝગડો થયેલ હોય જેથી આરોપી મોસીન જુણેજા અને તેની સાથે રહેલ શખ્સ આરીફ સાથે બોલાચાલી કરવા લાગેલ. પ્રશાંત દ્વારા વચ્ચે પડીને સમજવા જતાં આરોપીઓ દ્વારા પ્રશાંતને પણ જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી તેના પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો.

જે બાદ ઘવાયેલી હાલતમાં પ્રશાંતને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. એ ડિવિઝન પોલીસે યુવકનું નિવેદન નોંધી મોસીન જુણેજા અને તેની સાથે રહેલા અજાણ્યા શખ્સ વિરુદ્ધ મારામારી તેમજ એટ્રોસિટીની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# હોશિયાર હોવાનું સાબિત કરવા તરૂણ પંજાબના અમૃતસર પહોંચ્યો

## તરૂણનું પોલીસે પરિવાર સાથે મિલન કરાવતા લાગણીસભર દ્રશ્યો સર્જાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ૮૦ ફુટ રોડ પરની સોસાયટીમાં રહેતો અને આઈટીઆઈમાં અભ્યાસ કરતો ૧૬ વર્ષનો તરૂણ ગઈ તા. ૧૭ના રોજ સવારે ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયા બાદ લાપત્તા બની ગયો હતો. જે અંગે ભક્તિનગર પોલીસે અપહરણનો ગુનો દાખલ કરી તપાસના અંતે તેને પંજાબના અમૃતસર રેલ્વે સ્ટેશન ખાતેથી શોધી કાઢ્યો હતો.

પુછપરછ કરતાં જાણવા મળ્યું કે બધા લોકો બહુ ડાહ્યો છે. તેમ કહેતા હતા. જેને કરણે તેની ઉપર પોતાની જાતને સાબીત કરવાનું ઝનૂન સવાર થયું હતું તેને એવું લાગતું હતું કે તે હવે નાનો રહ્યો નથી ઉપરાંત ખુબ જ હોશીયાર છે. જે સાબીત કરવાનો સમય હવે આવી ગયો છે. માટે જો તે એકલો ઘરેથીનીકળી જાય તો પોતાની જાતને સાબીત કરી શકશે. તેવા વહેમમાં ઘરેથી રૂા. ૪ હજાર લઈ નીકળી ગયો હતો. ભક્તિનગર પોલીસે ગુનો દાખલ કર્યા બાદ સીસીટીવી કેમેરાના આધારે તપાસ થરૂ કરતાં જમ્મુ-તાવી ટ્રેનમાં જતો દેખાયો હતો. જેથી મિત્રના અલગ-અલગ રેલવે સ્ટેશનના સીસીટીવી કેમેરા જોવાનું શરૂ કર્યું હતું. અને ટેકનીકલ સોર્સ પાસેથી માહિતી મળતા એક ટીમ ત્યાં ગઈ હતી. ત્યાંના સીસીટીવી કેમેરા ચેક કરતાં હવે પંજાબનાં ધાર્મીક સ્થળો ખાતે હોવાની માહિતી મળી હતી. જેથી પંજાબ જઈ સીસીટીવી કેમેરા ચેક કર્યા બાદ આખરે અમૃતસર રેલ્વે સ્ટેશન ખાતે તપાસ કરતા ત્યાં મળી આવ્યો હતો. જયાંથી તે ઉત્તરપ્રદેશ જવા માટે નીકળવાની તૈયારી કરતો હતો. ભક્તિનગર પોલીસે ૪૧૦૦ કિલોમીટરની યાત્રા કર્યા બાદ તરૂણ મળી આવ્યો હતો. તરૂણનું માતા-પિતા સાથે મિલન થતાં લાગણીસભર દ્રવ્યો સર્જાયા હતા.

# બેટ દ્વારકા નજીકના દરિયામાં અન્ય બોટના રજીસ્ટ્રેશન નંબર નાંખીને ફિશિંગ કરતા માછીમારો સામે ગુન્હો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર દ્વારકા ખાતેના દરિયામાં અન્ય ફિશિંગ બોટના રજીસ્ટ્રેશન નંબર લગાવીને ફિશરીઝ વિભાગને ખોટી માહિતી આપીને અનઅધિકૃત રીતે ટોકન મેળવી, માછીમારી કરતા જુદા જુદા બે આસામીઓ સામે ગુનો નોંધાયો છે.આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ઓખા મંડળના બેટ દ્વારકા વિસ્તારમાં રહેતા મંજૂરભાઈ ઓસમાણભાઈ જીકર નારીયા નામના ૪૪ વર્ષના માછીમાર શખ્સએ સુનિયોજિત રીતે કાવતરું રચીને અલ હયાતુલનબી નામની આઈ.એન.ડી. જી.જે. ૩૭ એમ.એમ. ૪૯૦ નંબરની તેની માછીમારી બોટ તૂટી ગઈ હોવા છતાં તેણે માંગરોળ ખાતેથી એક નવી બોટ બનાવી અને તે બોટના આઈ.એન.ડી. જી.જે. ૧૧ એમ.એમ. ૨૧૦૪ નામનું નંબર લખી અને આ પાટિયું લગાવીને ફિશરીઝ વિભાગ સાથે ઠગાઈ કરવાના ઈરાદાથી બોટની ખોટી માહિતી આપવામાં આવી હતી આમ, જી.જે. ૧૧ એમ.એમ. ૨૧૦૪ રજીસ્ટ્રેશનની બોટ ન હોવા છતાં પણ ખોટા નામની બોટનો ઉપયોગ કરી અને સરકારના દરિયામાં માછીમારી કરવા અંગેની મંજૂરી માટે અપાતા ઓનલાઈન ટોકનમાં ખોટી માહિતી ભરીને તે ટોકનનો ખરા તરીકે ઉપયોગ કરીને ઉપરોક્ત શખ્સ દ્વારા કૌભાંડ આચરવામાં આવ્યું હતું.



જે અંગે બેટ દ્વારકા પોલીસ મથકમાં ઉપરોક્ત શખ્સ સામે આઈ.પી.સી. કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ તથા ૧૨૦-બી મુજબ ગુનો નોંધી, આરોપીની અટકાયત કરી લેવામાં આવી છે.આ જ રીતે અન્ય એક પ્રકરણમાં બેટ દ્વારકા વિસ્તારમાં રહેતા હમીદ અદ્રેમાન મુસાભાઈ પાંજરી નામના ૩૮ વર્ષના મુસ્લિમ ભડેલા માછીમાર શખ્સ દ્વારા પણ તેની ''ખ્વાજા કા કરમ'' માછીમારી બોટ ઉપરથી નસ્ત્રસ્વીટ મદીનાસ્ત્રસ્ત્ર રજીસ્ટ્રેશન નંબર આઈ.એન.ડી. જી.જે. ૩૭ એમ.એમ. ૧૫૫૫ ની ન હોવા છતાં પણ ઉપરોક્ત શખ્સએ માછીમારી બોટલ પર રજીસ્ટ્રેશન નંબર આઈ.એન.ડી. જી.જે. ૩૭ એમ.એમ. ૧૫૫૫ નંબર લખી અને આ પાટિયું લગાવીને ફિશરીઝ વિભાગ સાથે ઠગાઈ કરવાના ઈરાદાથી ખોટી માહિતી આપીને ઉપરોક્ત નંબરની બોટ ન હોવા છતાં પણ ખોટા નામની બોટનો ઉપયોગ કરીને સરકારના દરિયામાં માછીમારી કરવા જવા અંગેની મંજૂરી આપતા ઓનલાઈન ટોકનમાં ખોટી માહિતી ભરીને આ ટોકનનો ખરા તરીકે ઉપયોગ કરી અને સતત આઠેક વર્ષ સુધી માછીમારી કરવામાં આવી હોવાનું જાહેર થયું છે.આ પ્રકરણમાં પણ પોલીસે આઈપીસી કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ તથા ૧૨૦-બી મુજબ ગુનો નોંધી, આગળની કાર્યવાહી બેટ દ્વારકાના ઈન્ચાર્જ પી.આઈ. વી.આર. શુક્લ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# મોરબીમાં હનુમાનજી મહારાજના જન્મજયંતિની અનોખી ઉજવણી કરતું અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપ

**મુખ્ય સમાચાર, મોરબી**

ગઇકાલે ચૈત્ર સુદ પુનમના દિવસે ઠેર ઠેર હનુમાનજી મહારાજની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે મોરબી જિલ્લામાં પણ હનુમાન જયંતીની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે અનસ્ટોપેબલ વોરીયર ગ્રુપ દ્વારા હનુમાનજી મહારાજના જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં મોરબીમાં અનેકવિધ સેવાકીય પ્રવૃતીઓ કરતું અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપ દ્વારા ગઈકાલે હનુમાનજી મહારાજની જન્મજયંતી નિમિતે મોરબીના જેલ રોડ પર આવેલ ઝુંપડપટ્ટી તથા અગ્નેશ્વર મહાદેવ મંદિર, મયુર પુલ નીચે ઝૂંપડપટ્ટી વિસ્તારના લોકોને પફ તથા ગુંદી અને ટોપરાપાકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપના પ્રમુખ હેતલબેન પટેલ, જયશ્રીબેન, જાગૃતિબેન અને રેખાબેન સહિતની બહેનો જોડાઈ હતી.



# મોરબી તેમજ વાંકાનેરની કોલેજમાં વિદ્યાર્થીઓને મતદાન જાગૃતિ માટે અંગેની ફિલ્મ બતાવાઈ

## કોલેજના વિદ્યાર્થીઓએ મતદાન કરવા માટેના શપથ લીધા

**મુખ્ય સમાચાર, મોરબી**

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ સંદર્ભે આગામી તા. ૭ મે ના રોજ મતદાન થનાર છે ત્યારે મોરબી જીલ્લામાં ત્રણેય વિધાનસભા મતવિસ્તારમાં વિવિધ સ્થળો પર મતદાતાઓને મતદાન માટે જાગૃત કરવા માટે સ્વીપ અંતર્ગત મતદાર જાગૃતિ કાર્યક્રમો સાથે વિવિધ પ્રવૃતિઓનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે. મતદારો લોકશાહીના મહાઉત્સવમાં પોતાના પવિત્ર મતાધિકારનો અવશ્ય ઉપયોગ કરે તે માટે જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર કે.બી. ઝવેરીના માર્ગદર્શન હેઠળ યોજાઈ રહેલા મતદાર જાગૃતિના કાર્યક્રમો અંતર્ગત મોરબીમાં ઓમવીવીઆઈએમ કોલેજ અને વાંકાનેરમાં દોશી કોલેજ ખાતે મતદાન જાગૃતિ અંગે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.





કોલેજમાં મતદાન જાગૃતિ અંતર્ગત ચૂંટણી પંચ દ્વારા મતદાન જાગૃતિ માટે બનાવવામાં આવેલ ફિલ્મ બતાવવામાં આવી હતી. આ ફિલ્મમાં મતદાન જાગૃતિ માટે બનાવવામાં આવેલ ખાસ ગીત તેમજ અન્ય મતદાનનું મહત્વ દર્શાવતી બાબતો રજૂ કરી વિદ્યાર્થીઓને મતદાન માટે જાગૃત કરવામાં આવ્યા હતા.

મતદાન જાગૃતિ માટે બનાવેલ આ ફિલ્મ જોઈ કોલજના વિદ્યાર્થીઓ મતદાન કરવા પ્રતિબદ્ધ બન્યા હતા અને વિદ્યાર્થીઓ સહિત સર્વે ઉપસ્થિતોએ અવશ્ય મતદાન કરવા શપથ પણ લીધા હતા.

# મોરબીઃચુંટણીના મહાપર્વમાં ભાગ લેવા મતદારોને અનોખી કંકોત્રી દ્વારા આમંત્રણ

## વધુ મતદાન થાય અને લોકોમાં જાગૃતી ફેલાય તે હેતુથી નવતર પ્રયોગ કરાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

ભારત ચૂંટણી પંચ દ્વારા આગામી તારીખ ૦૭ મે ૨૦૨૪ ને મંગળવારે લોકસભાની સામાન્ય ચૂંટણીનું ત્રીજા તબક્કાનું મતદાન થશે. ત્યારે મોરબી જીલ્લામાં લોકો વધુમાં વધુ મતદાન કરે તેવા પ્રયાસ ચૂંટણી અધિકારી અને ચૂંટણી વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યા છે. લોકો વધુ મતદાન કરે તે માટે કંકોત્રી બનાવવામાં આવી છે. જેમાં મતદારોને કંકોત્રીનાં માધ્યમથી મતદાન માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આનુસંગિક પ્રસંગો તારીખ ૦૬ મે ૨૦૨૪ના રોજ યોજવામાં આવ્યા છે. જેમાં ડિસ્પેચીંગ સેન્ટરથી પ્રસ્થાન કરી મતદાન મથકે પોલિંગપાર્ટીનું આગમન તેમજ બુથ પર જ રાત્રી વિશ્રામ કરી વહેલી સવારે ૬ કલાકે પોલિંગ એજન્ટની હાજરીમાં મોકપોલ યોજવામા આવશે.

આ કંકોત્રીમાં આપ, આપના સગા સંબંધી, મિત્રો આડોશી-પાડોશી સહકર્મચારીઓ સહિત વહેલા વહેલા પધારી, ૧૦૦ ટકા મતદાન કરી-કરાવી વિશ્વની સૌથી મોટી લોકશાહીના અવસરમાં પધારવા આમંત્રણ પાઠવવામા આવ્યું છે.

મતદાન મુહૂર્ત માટેનો સમય સવારના ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી નિર્ધારિત કરવામાં આવ્યો છે. દર્શનાભિલાષી તરીકે પ્રિસાઈડીંગ ઓફિસર, મહિલા પોલીંગ ઓફિસર, આસીસ્ટન્ટ પ્રિસાઈડીંગ ઓફીસર, બુથ ફરજ પરના સેવક, બુથ પરના સુરક્ષા કર્મચારી વગેરેનો ઉલ્લેખ કરાયો છે.

# કંપનીની ફ્રેન્ચાઈઝી આપવાના બહાને વેપારી સાથે ત્રણ શખ્સોએ કરી રૂપિયા ૨૧.૬૬ લાખની છેતરપિંડી

## ડીકેથલોન સ્પોર્ટ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ કંપનીના માણસો હોવાની ઓળખ ઉભી કરી બેંકમાં આરટીજીએસ કરાવી ઠગાઈ કરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટના પટેલ વેપારીને કંપનીની ફ્રેન્ચાઈઝી આપવાના બહાને ત્રણ શખ્સોએ મહારાષ્ટ્ર ની બેંકના એકાઉન્ટમાં ૨૧.૬૬ લાખ નું આરટીજીએસ કરાવી ફ્રેન્ચાઇસી નહીં આપી અને રકમ પરત નહીં આપી ઓળવી જતા ત્રણ શખ્સો વિરુદ્ધ એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ અંગેની માહિતી પ્રમાણે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બિગ બજાર ની બાજુમાં આવેલ એપી પાર્ક માં રહેતા અને રેસ્ટોરન્ટ ચોક પાસે નચિકેતા બિલ્ડીંગ માં ઓફિસ ધરાવતા કપિલ ધનજીભાઈ કાવર નામના પટેલ વેપારીએ મોબાઈલ નંબર ધારક વિનેસ શુક્લા તથા આશિષ પાંડે તથા મનસુખ સિંગ સહિત ત્રણ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે આ ત્રણેય શખ્સોએ ડી કેથલોન સ્પોર્ટ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ કંપનીના માણસો હોવાની ઓળખ આપી ઈમેલ મારફતે ડોક્યુમેન્ટ મંગાવી કંપનીની ફ્રેન્ચાઇસી આપવાના બહાને મહારાષ્ટ્રની બેન્ક એકાઉન્ટમાં રૂપિયા ૨૧.૬૬ લાખનું આરટીજીએસ કરાવી બાદમાં કંપનીની ફ્રેન્ચાઈસી નહીં આપી અને રકમ પરત નહીં આપી ઓળવી જતા ફરિયાદ નોંધાય છે બનાવના પગલે એ ડિવિઝન પોલીસ મથકના પીઆઇ આરજી બારોટ સહિતના સ્ટાફે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે

# જનાના હોસ્પિટલમાં ડીલેવરી બાદ મહિલાનું બેભાન હાલતમાં મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**




વિછીયા તાલુકાના અજમેર ગામે રહેતી વર્ષાબેન વિજયભાઈ ઝાપડિયા નામની ૨૫ વર્ષ મહિલા સગર્ભા હોય જેને પ્રસુતિ પીડા થતાં સારવારમાં રાજકોટ જનાના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી ગઈકાલે ડીલેવરી બાદ મહિલા અચાનક બેભાન થઈ જતા તબીબોએ તેનું બેભાન હાલતમાં મોત થયું હોવાનું જાહેર કરતા પરિવારમાં કરૂણ કલ્પત સર્જાયો હતો બનાવના પગલે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# ગોંડલના રૂપાવટી ગામે દેશી બનાવટની રિવોલ્વર સાથે શખ્સ ઝડપાયો

## રાજકોટમાં ચેક રિટર્ન કેસમાં પકડ વોરંટથી નાસતા ફરતા બે શખ્સોની ધરપકડ











**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલ તાલુકાના રૂપાવટી ગામે ચોક્કસ બાતમીના આધારે રૂરલ એસોજી ની ટીમે દેશી બનાવટની રિવોલ્વર સાથે એક શખ્સને દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં રૂરલ એસઓજી ના પી.આઈ એફ એ પારગી ની સૂચનાથી પી.એસ.આઇ બીસી મિયાત્રા સહિત નો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિયમમાં હતા ત્યારે ચોક્કસ બાત વિના આધારે ગોંડલના મોવિયા રોડ રૂપાવટી ગામ પાસેથી દેશી બનાવટની રિવોલ્વર સાથે સમીર ઉર્ફે સમલો અકબર સુમરા નામના શખ્સને દબોચી લઈ ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જ્યારે અન્ય બનાવમાં ભક્તિનગર પોલીસે નેગોસિબલ એક્ટ ના ગુનામાં સજાના વોરંટ થી નાસ્તો ફરતો કેવડા વાળી મા રહેતો લક્ષ્મણ જાદવ ફગલિય અને ગુંદાવાડી મા રહેતો વિજય મનુ ચાવડા નામ ના બે શખ્સોને અટકાયતમાં લઈ પકડ વોરંટ ની બજવણી કરવામાં આવી છે

# ભારતનગરમાં પોણા લાખની મતા ચોરી કરનાર તસ્કર ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના થોરાળા વિસ્તારમાં આવેલા ભારતનગરમાં તયેલી પોણો લાખની ચોરી કરનાર તસ્કરને પોલીસે ગણતરીના દિવસોમાં જ ઝડપી પાડી ચોરીનો મુદ્દામાલ કબજે કર્યો હતો.જાણવા મળતી વિગત મુજબ ભારતનગરમાં ધોળા દિવસે મકાનના તાળા તોડી રૂા. ૫૦ હજારની રોકડ અને ચાંદીના સાંકળા તથા મોબાઈલ ળળી કુલ રૂા.૭૫ હજારની ચોરી થઈ હતી જે અંગે થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.



દરમિયાન થોરાળા પીઆઈ એન.જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે. એમ. પરમાર, એમ. દરમિયાન બાતમીના આધારે અમુલ સર્કલથી આગળ ૮૦ ફુટ રોડ પર ચોરી કરનાર શખ્સ ઉભો હોવાની હકીક્ત મળતાં પોલીસે રાજાકુમાર પ્રદીપભાઈ શાહ (રે.જડેશ્વર સોસાયટી, વેલનાથપરા, મુળ ગોપાલકુર, બિહાર)ને ઝડપી પાડી તેની પાસેથી રૂ.૫૦ હજારની રોકડ, ચાંદીના સાંકળા અને ત્રણ મોબાઈલ મળી કુલ રૂ.૮૫ હજારનો મુદ્ધામાલ કબજે કર્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ આરોપી અગાઉ આજી ડેમ પોલીસ મથકમાં ચોરીના બે ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે.

# કારમાં વિદેશી દારૂના ૩૩૬૦ ચપલા રાજકોટ પહોંચે તે પૂર્વે મીતાણા પાસેથી ઝડપાયા

## મોરબી ક્રાઈમ બ્રાંચે રાજકોટના બુટલેગરને દબોચી લઈ રૂા.૫.૯૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી પોલીસે પૂર્વ બાતમીને આધારે ટંકારા તાલુકાના મીતાણા ગામ નજીકથી મહિન્દ્રા જીતો ગાડીમાંથી વિદેશી દારૂની ૧૮૦ એમએલની ૩૩૬૦ નંગ બોટલ ઝડપી લેવામાં આવી હતી. જયારે જીતો ગાડી ચાલક પોતાનું વાહન મૂકી નાસી ગયો હતો. બીજીબાજુ જીતો ગાડીની આગળ એસેન્ટ કારમાં પાયલોટિંગ કરતા રાજકોટના એક શખ્સની અટકાયત કરવામાં આવી હતી.

આ અંગેની માહિતી મુજબ મોરબી એલસીબી પોલીસ ટીમને બાતમી મળેલ હતી કે વિદેશી દારૂ ભરેલ મહેન્દ્રા જીતો(ટેમ્પો) ગાડી રજી.નં. જીજે-૩૬-વી-૪૩૫૬ ટંકારાથી-રાજકોટ તરફ જવાની છે અને તે ગાડી આગળ એસેન્ટ કાર દ્વારા પાયલોટિંગ થઈ રહ્યું છે. ત્યારે મળેલ બાતમીને આધારે ટંકારાના મીતાણા ગામ પાસે એલસીબી ટીમ વોચમાં હોય તે દરમિયાન બાતમી અનુસાર એસેન્ટ કાર તથા મહેન્દ્રા જીતો કાર આગળ પાછળ આવતી ધ્યાને આવી હતી જેથી આગળ આવતી એસેન્ટ કાર રજી. જીજે-૦૩-સીએ-૫૭૬૮ ને રોકતા પાછળ આવતી જીતો ગાડીના ચાલકે પોતાની ગાડી ઉભી રાખી નહિ અને મીતાણા ગામ તરફ નાસી જતા તેની પાછળ પોલીસે પીછો કરતા મીતાણા ગામે ઈરીગેશન બંગલા નજીક જીતો ગાડી રેઢી મૂકી તેનો ચાલક નાસી ગયો હતો.



ત્યારે મોરબી ક્રાઈમ બ્રાંચ પોલીસે મહેન્દ્રા જીતો ગાડીના પાછળના ભાગે તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૮૦એમએલની ૩૩૬૦ બોટલ કી.રૂ.૩,૩૬,૦૦૦/-નો જથ્થો મળી આવ્યો હતો, જયારે એસેન્ટ કારમાં પાયલોટિંગ કરતો આરોપી સાજીદભાઈ અલ્લારખાભાઈ લંજા ઉવ-૩૪ રહે. રાજકોટ જંકશનપ્લોટ, શેરી નંબર-૧ વાળાની અટકાયત કરવામાં આવી હતી. પોલીસે સ્થળ ઉપરથી વિદેશી દારૂનો જથ્થો, મહિંદ્રા જીતો ગાડી કી.રૂ.૧.૫૦લાખ, એસન્ટ કાર કી.૧ લાખ તથા વિવો મોબાઈલ કી.૫ હજાર સહીત કુલ રૂ. ૫.૯૧ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ બંને આરોપીઓ તથા તપાસમાં ખુલ્લે તેના વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વડાપ્રધાન મોદી વિશે અભદ્ર પોસ્ટ સોશિયલ મિડિયામાં મુકનાર શખ્સ ઝડપાયો

## વોટસએપ ગ્રુપમાં રાજકીય આગેવાનો તથા પોલીસ અધિકારી સહિત ૪૭૭ ગ્રુપ મેમ્બર છે

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢમાં એક વોટ્સઅપ ગ્રુપમાં વડાપ્રધાન વિશે અભદ્ર શબ્દોના પ્રયોગ અને કોમ-કોમ વચ્ચે વૈમનસ્ય ફેલાય તેવી ત્રણ પોસ્ટ મુકીને પછીથી ડીલીટ કરનાર એક યુવકની પોલીસે ધરપકડ કરીને કોર્ટમા રજૂ કરતા એક દિવસના રિમાન્ડ મંજૂર કરવામા આવ્યા છે.

પોલીસ દ્વારા હાલ ચુંટણીને લઈને સોશિયલ મીડિયા પર વોચ રાખવામાં આવી રહી છે, ત્યારે જૂનાગઢમાં આઈ લવ જૂનાગઢ એટલે મારે હૈયે જૂનાગઢનું હિત નામના



વોટ્સઅપ ગ્રુપમાં એક યુવક દ્વારા અભદ્ર પોસ્ટ મુકવામાં આવી હતી, જેમાં તેણે દેશના વડાપ્રધાન વિરુધ્ધ બિભત્સ શબ્દોનો પ્રયોગ કરી કોઈ એક વર્ગના લોકોમાં વૈમનસ્ય પેદા થાય તેવી અપમાનજનક પોસ્ટ તથા વોરા મુસ્લિમ સમાજની ધાર્મિક લાગણી દુભાય અને કોમ કોમ વચ્ચે વૈમનસ્ય ફેલાય તેવી ત્રણ પોસ્ટ મુકવામાં આવી હતી, બાદમાં યુવકે તે ત્રણેય પોસ્ટ ડીલીટ કરીને પુરાવાનો નાસ પણ કર્યો હતો.

આ પોસ્ટ મુક્તાની સાથે જ એક ખાનગી બાતમીદાર દ્વારા તેના સ્ક્રિન શોર્ટ લઈને પોલીસને જાણ કરતા જૂનાગઢ એસઓજી દ્વારા તેની તપાસ શરુ કરવામાં આવી હતી, જેમાં પોસ્ટ મુકનાર યુવક અહીના દાતાર રોડ પર રહેતો હૈદર ઈકબાલ કુરેશી ઉ.૩૩ હોવાનું સામે આવ્યું હતું. તેને પોલીસ સ્ટેશન બોલાવીને તેનો મોબાઈલ ચેક કરવામાં આવ્યો અને પૂછતાછ કરવામાં આવી તો, તેણે તા.૨૩ એપ્રિલના રોજ બપોરે ૪ કલાકે અને અગાઉ ૧૫ થી ૨૦ દિવસ અગાઉ પણ બે પોસ્ટ મૂકી હતી, બાદમાં ડીલીટ કરી હોવાનું સામે આવ્યું હતું. જેના આધારે એસઓજીએ હૈદર ઈકબાલ કુરેશી સામે એ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૧૫૩ બી, ૫૦૫(૨), ૫૦૪, ૨૦૧ અન્વયે ગુન્હો દાખલ કરીને ધરપકડ કરી છે.

# બેડીપરામાં ગાયના વાડાની જગ્યા પચાવી પાડવા મુદ્દે યુવાન પર ત્રણ શખ્સોનો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બેડીપરા વિસ્તારમાં ગાયોના ૧ વાડાની જગ્યા પચાવી પાડવા મુદ્દે ત્રણ-ચાર શખ્સોએ એક યુવાન પર - લોખંડના પાઈપથી હુમલો કરતા ઇજાગ્રસ્ત યુવાનને સારવાર માટે ૧ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે.

આ અંગેની માહિતી મુજબ નિલેષ ધીરૂ ખીટ નામનો યુવાન સવારે, ગંગેયાર રોડ, બેડીપરામાં પોતાના ઘર પાસે હતો ત્યારે ત્યાં અચાનક ધસી



આવેલા કાનો સિંધવ તેના બે ભત્રીજા કિરેન અને કરણ સહિતનાં શખ્સોએ એકસંપ કરી નિલેષ પર લોંખડના પાઈપ વડે હુમલો કર્યો હતો.

મુંઢમારથી ઘાયલ થયેલા અને સારવાર માટે સિવિલમાં દાખલ થયેલા નિલેષ ભરવાડે પોલીસને જણાવ્યુ હતું કે તેમનો ૫૦ વારનો ગાયો બાંધવાનો વાડો કાના સિંધવના ઘર પાસે હોય, તે પચાવી પાડવા બબાલ કરી હુમલો કર્યો હતો. હોસ્પિટલ પોલીસ ચોકી સ્ટાફની જાણ પરથી બી.ડિવિઝન પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજ્યમાં ચૂંટણીપંચના આદેશથી ૧૨ આઈપીએસની બદલી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચૂંટણી પંચના આદેશ બાદ તાજેતરમાં જ રાજ્યના ૩૫ જેટલા આઈપીએસ અધિકારીઓની બદલી કર્યા બાદ ગૃહ વિભાગ દ્વારા વધુ ૧૨ આઈપીએસ અધિકારીઓની બદલીના હુકમ કર્યા છે. બદલી પામેલા અધિકારીઓ પૈકીના અમુક અધિકારીઓને એક જ જગ્યા પર ત્રણ વર્ષે પૂરા થયા હોવા છતાં બદલી નહીં થવાને કારણે લિવ રિઝર્વમાં મુકાયા હતા જ્યાંથી હવે તેમને પોસ્ટીંગ આપવામાં આવ્યું છે.

ખાસ કરીને તાજેતરમાં જ દિલ્હી ડેપ્યુટેશન પરથી પરત ફરેલા ગગનદીપ ગંભીરને ગાંધીનગર ખાતે પોલીસ વહીવટી તંત્રના આઈજી તરીકે મુકાયા છે. આ ઉપરાંત રાઘવેન્દ્ર વત્ને સુરતના જેસીપી ક્રાઈમ તરીકે બદલી અપાઈ છે. તેમના ઉપરાંત શરદ સિંઘલને જેસીપી ક્રાઈમ-અમદાવાદ, નીરજ કુમાર બડગુજરને અમદાવાદ સેક્ટર-૧ના અધિક પોલીસ કમિશનર, અમદાવાદના ડીસીપી ક્રાઈમ ચૈતન્ય મંડલિકને સીઆઈડી ક્રાઈમ-ગાંધીનગરના એસપી, મનિષ સિંઘને એમ.ટી.ગાંધીનગરના એસપી, ઉષા રાડાને એસઆરપીએફ ગ્રુપ- ૬, મુડેટી-સાબરકાંઠાના કમાન્ડન્ટ, ડીસીપી સાયબર ક્રાઈમ-અમદાવાદના અજીત રાજીયાનને ડીસીપી ક્રાઈમ-અમદાવાદ, ડો. લવીના સિન્હાને અમદાવાદ સાયબર ક્રાઈમ ડીસીપી, હિમાંશુકુમાર વર્માને ડીસીપી ઝોન-૧ અમદાવાદ, રુપલ સોલંકીને ડીજીપી ઓફિસ- ગાંધીનગર, ભારતી જે.પંડયાને ટેક્નીકલ સર્વિસ-ગાંધીનગરના એસપી તરીકે બદલી આપવામાં આવી છે.

# એરટેલની ઓફિસમાં કર્મચારીએ કરી રૂા.૨.૨૦ લાખની ઉચાપત

## કંપનીના ડિસ્ટ્રીબ્યુટરને જમા કરાવવાના રોકડા નાણા આઠ મહિનાથી શખ્સે જમા નહિ કરાવી ચાઉં કરી ગયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના બાલાજી હોલ સામે સૈનેશ્વર કોમ્પલેક્ષમાં એરટેલની ઓફિસમાં કામ કરતા કર્મચારીએ એરટેલ કંપનીના ડિસ્ટ્રીબ્યુટરને જમા કરાવવાના રૂપિયા ૨.૨૦ લાખ ઓળવી જતા એરિયા મેનેજરે માલવીયા પોલીસ મથકમાં ફરિયાદનોંધાવી છે. રૈયા રોડ આલાપ ગ્રીન સીટી પાસે સીટી સેરેનેટીમાં રહેતા નવીન ઈશ્વરદાસ યોથવાની(ઉ.૧.૩૮)એ પોતાની ફરિયાદમાં જૂનાગઢના શનિ માંગે વિરુદ્ધ રૂ.૨.૨૦ લાખની ઉચાપત કર્યાની માલવીયા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. નવીનભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, એરટેલ કંપની માં એરીયા મેનેજર તરીકે છેલ્લા ત્રણ વર્ષથી નોકરી કરૂ છું અને મારુ કામ સૌરાષ્ટ્ર ઝોનમાં ઓવન્ડ (કંપની આઉટલેટ સ્ટોર) એરટેલ સ્ટોર મેનેજર તરીકે મારું કામ હોય છે. ગઈ તા.૨૨ના રોજ હું કાલાવડ રોડ ઉપર આવેલ એટેલ સ્ટોર ખાતે હતો ત્યારે મને માશ ઈ-મેઈલ પર મુખ્ય ઓફીસ અમદાવાદ એરટેલ ઓફીસ થી મેઇલ આવ્યો અને જે મેઇલ માં જણાવેલ હતુ. ભાલાજી હોલ સામે સનેશ્વર કોમ્પલેક્ષ માં ૧ નંબર ની શો-રૂમ આવેલ એરટેલ ઓફીસ ના તા:૧૨/૦૪થી ૨૧/૦૪ સુધી ના કુલ રૂ.૨.૨૦ લાખ જમા થયા નથી અને જેની સાથે બાકીના નીકળતા પૈસાની યાદી સામેલ હતી.જેથી આ બાબતે મેં બાલાજી હોલ સામે આવેલ સનેશ્વર કોમ્પલેક્ષમાં ૧ નંબરની શો-રૂમ આવેલ એરટેલ સ્ટોર મેનેજર શીલ્પા રોશન ને ફોન કરી પેમેન્ટ બાબતે વાત કરી હતી. શીલ્પાબેને જણાવ્યું કે કેશનું કામ શનિ જોવે છે તેમ જણાવ્યું હતુ જેથી તે ફોન ઉપાડતો ના હોય તેવું જણાવ્યું હતું.બાદમાં ત્યાં ઓફિસે પહોંચી તપાસ કરતા તા.૧૯ અને ૨૦ના રોજ સાંજના તમામ કેશ લઈને ગયો હતો. પરંતુ કંપનીના ડિસ્ટ્રીબ્યુટર ને જમા કરાવ્યા નહોતા અને આ શની માંગે તા.૨૨/૦૪નારોજ પોતાની મોટી માં નુ આવશનથતા તે જામનગર જવાનો હોવાનો શિલ્પાબેનને મેસેજ પણ કર્યો હતો. આ મામલે હાલ સની જવાબ ન આપતા અંતે તેમની સામે માલવીયા પોલીસમાં ફરિયાદ નોંધાવતા એએસઆઈપી.એન. પરમાર અને સ્ટાફે તપાસ શરૂ કરી છે.

# ટાગોર રોડ પર પોલીસની જીપના ડ્રાઈવરની ફરજમાં રૂકાવટ કરતા શખ્સ સામે ફરિયાદ

## શખ્સે પોલીસ જીપને સાઈડમાં ઉભી રખાવી વિડિયો શુટીંગ કરી હેડ કોન્સ્ટેબલ સાથે બોલાચાલી કરી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટાગોર માર્ગ પર હેમુ ગઢવી હોલ પાસે સરકારી જીપ લઈ પોલીસ હેડ કવાર્ટર જતા ચાલક હેડ કોન્સ્ટેબલ જયવિરસિંહ ઉદેસિંહ ઝાલાની છુપ રોકાવી પ્રાંત કિરીટભાઈ સિનરોજા (રહે. શ્રધ્ધા પાર્ક-૧, આહીર ચોક પાસે)એ આવી રીતે ગાડી ચલાવાય, હું ભટકાઈ જાત કહી બોલાચાલી કરી ફોનમાં વિડિયો ઉતારી ફરજમાં રૂકાવટ કર્યાની એ ડિવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. પોલીસે જણાવ્યું કે, જયવીરસિંહ ગત સાંજે એ.સી.પી.પૂર્વ વિભાગની બોલેરો જીપ કે જે ગોંડલ રોડ ઉપર સર્વિસમાં મુકી હતી તે લઈ પોલીસ હેડ કવાર્ટર તરફ જઈ રહ્યા હતા. ત્યારે ટાગોર રોડ ઉપર હેમુ ગઢવી હોલ પાસે એક સ્કૂટર ચાલકે સાઈડમાં આવી ગાડી સાઈડમાં ઉભી રાખતો કહેતાં તેણે સાઈડમાં ઉભી રાખી હતી.

આ સમયે સ્કૂટર ચાલકે જીપનો દરવાજો ખોલી આ રીતે ગાડી કેમ ચલાવો છો, તમારી ગાડીમાં અધિકારી નથી.છતાં ખાલી ગાડી લઈને કેમ જાવા છો.કહેતાં તેણે તેને હું બરાબર ગાડી ચલાવું છું. તમને શું તકલીફ છે? કહેતાં સ્કૂટર ચાલક હું તમારી ગાડી પાછળ ભટકાઈ જાત કહેતા તેણે તેને છુપ સર્વિસમાંથી હેડ ક્વાર્ટર મુકવા જતા હોવાનું જણાવ્યું હતું. ઉશ્કેરાયેલા સ્કૂટર ચાલકે તેના ફોનમાં જીપ અને પોલીસમેનનો વિડિયો ઉતારી ગેરવર્તુણક કરતા પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરી હતી.પોલીસ આવી જતાં બાઇક ચાલકનું નામ પૂછતા પ્રશાંત કિરીટભાઈ સીનરોજા (ઉં.વ. ૨૮) (રહે. શ્રદ્ધા પાર્ક, આહીર ચોક,.૮૦ ફૂટ રોડ)હોવાનું જણાવ્યું હતું. હાલ પોલીસે તેની અટકાયત કરી વધ તપાસ જારી રાખી છે.

# રાજકોટની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ કરનાર સણોસરાનો શખ્સ ઝડપાયો

## સ્કુલે જતી સગીરાનો પીછો કરી પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચે ઉઠાવી ગયો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં દુષ્કર્મના વધતા જતા બનાવો વચ્ચે વધુ એક દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે ૧૩ વર્ષની છાત્રાને લલચાવી ફોસલાવી અપહરણ કરી લઈ જઈ દુષ્કર્મ આચર્યાની તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીને દબોચી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટમાં રહેતા પિતાએ તેની અભ્યાસ કરતી ૧૩ વર્ષની દીકરી સાથે દુષ્કર્મ કરનાર સણોસરાના બાબા ફરિદ નામના શખ્સ સામે તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેની દીકરી ભણતી હોય સ્કૂલે જતી હોય ત્યારે બાબાએ તેણીનો સંપર્ક કરી મિત્રતા કેળવી તેણીને લગ્નની લાલચ આપી હતી દરમિયાન આજે દીકરી ઘરે પરત નહીં આવતા તેની શોધખોળ શરૂ કરી હતી પરંતુ કોઈ પતો નહિ લાગતા પોલીસની મદદ લીધી હતી દરમિયાન આરોપી બાબુ જ દીકરીને લલચાવી ફોસલાવી લગ્નની લાલચ આપી અપહરણ કરી ઉઠાઈ ગયાનું જાણવા મળતા પોલીસે તપાસ હાથ ધરી બાબાને ઝડપી પાડયો હતો દીકરીની પૂછતાછમાં તેની સાથે બાબાએ બળજબરીથી દુષ્કર્મ આચયું હોવાનું જણાવતા પીઆઇ એમ ડી હરિપરા સહિતના સ્ટાફે પિતાની ફરિયાદ પરથી આરોપી બાબા ફરિદ વિરુદ્ધ અપહરણ, પોક્સો, દુષ્કર્મ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીને અટકાયતમાં લઈ ધરપકડ કરવા તજવીજ હાથધરી છે.

# હોમીયોપેથી મહિલા તબીબને પતિ સહિતના સાસરિયાઓના ત્રાસ

## લગ્નની પહેલી રાત્રે જ પતિના અન્ય સ્ત્રીઓ સાથે લફરા હોવાની મહિલાને જાણ થઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાધુવાસવાણી રોડ ઉપરના નંદા વિહાર એપાર્ટમેન્ટમાં રહેતા અને ૧૫૦ ફૂટ રીંગ રોડ જગન્નાથ ચોક, નવજ્યોત પાર્ક મેઈન રોડ પર હોલિસ્ટિક હોમિયોપેથિક ક્લિનિક ધરાવતા મહિલા તબીબ જાનકીબેન સ્મિતભાઈ નાંદપરાએ અમીન માર્ગ ઉપર ત્રિશા બંગ્લોઝમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા પતિ સ્મિત દિનેશભાઈ નાંદપરા, સાસુ હંસાબેન દિનેશભાઈ નાંદપરા, પ્રિયાબેન ચિરાગભાઈ બરોચીયા, ચિરાગ બરોચીયા અને ભારતીબેન બરોચીયા વિરુદ્ધ માનસિક ત્રાસ આપી મેણાટોણા મારી અને ઝઘડાઓ કરી કાઢી મૂકવાની ફરિયાદ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે પતિ સહિતના સાસરીયો સામે ગુનો નોંધ્યો હતો

મહિલા તબીબ જાનકીબેન નાદપુરાના લગ્ન ૨૦૨૩ની સાલમાં અમીન માર્ગ પર ત્રિશા બંગલોમાં રહેતા સ્મિત દિનેશભાઈ નાદપુરા સાથે થયા હતા.લગ્નજીવન દરમિયાન પતિ સ્મિત સાથે થાઈલેન્ડ હનીમૂન કરવા ગયા હતા ત્યારે તેના ફોનમાં એક રૂબી નામની યુવતીના મેસેજ આવતા હોય આ બાબતે મેં મારા પતિ સાથે વાતચીત કરતા ઝઘડો થયો હતો.

બાદમાં રાજકોટ પરત આવ્યા બાદ સાસુ હંસાબેન તથા નણંદ પ્રિયાબેનને રૂબી નામની યુવતી અંગે જાણ કરી હતી. અને મારી જાણ બહાર દુબઈ ફરવા જવાની વાત કરતા હોય તેવી વાતચીત કરતા મને એવું જણાવેલું કે હું સ્મિતને આવું નહીં કરવા સમજાવીશું. બાદમાં પતિ તથા સાસુ અને નણંદ-નંણદોયાએ સહિતનાએ અવારનવાર માનસિક ત્રાસ અને કરિયાવર બાબતે મેણાટોણા મારી અને મારકુટ કરી હતી નાણાની માંગણી કરી જાનકીબેનને કાઢી મુકતા માવતરને ત્યાં રહેવા જતા રહેલ.અંતે સાસરિયાંઓ સામે ફરિયાદ કરતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બીજા બનાવમાં જામવાડી ગામે આંબેડકર સોસાયટીમાં રહેતી દક્ષાબેન સિદ્ધાર્થભાઈ વાઘેલા નામની પરણીતાએ રેલનગર વિસ્તારમાં લોકમાન્ય ટાઉનશિપમાં રહેતા અને જામનગરમાં કોન્ટ્રાક્ટ બેઝથી કોન્ટ્રાક્ટ માં નોકરી કરતા પતિ સિદ્ધાર્થ હરેશભાઈ વાઘેલા સાસુ સાધનાબેન અને સસરા હરેશભાઈ રવજીભાઈ સહિતના વિરુદ્ધ શારીરિક માનસિક ત્રાસ આપી અને મારકૂટ કરી કાઢી મૂક્યાની મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.